# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ



॥ કમલાસન પર બિરાજેલાં ગાયત્રી માતા ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૧૦ ] એપ્રિલ ૧૯૯૧ [ અંક ૬ઠ્ઠો

# મારા જીવનનાં નવ સૂત્રો

૧. ઇશ્વરમાં સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિ રાખવી.

૨. નિઃસહાયને સહાય કરવી.

૩. દુઃખીઓનાં દિલનાં આંસુ લૂછવાં.

૪. કોઇની ઇર્ષ્યા કરવી નહિ.

૫. કોઇની સાથે વિશ્વાસઘાત કરવો નહિ.

૬. પરનિન્દાથી દૂર રહેવું.

૭. પુરુષાર્થને અગ્રતા આપી સતત કાર્યશીલ રહેવું.

૮. નિઃસ્વાર્થ સેવા કરવી.

૯. અહમ્‌નો ત્યાગ કરવો.

એન. બી. દવે (શાસ્ત્રીજી)

૭૭, 'શ્રદ્ધા', યોગેશ્વરનગર સોસાયટી, ભઠ્ઠા પાસે,
અંજલિ સિનેમા પાછળ, વાસણા, અમદાવાદ – ૩૮૦ ૦૦૭



# આધ્યાત્મિક કેડી

[ શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, અમદાવાદ–૩૮૦૦૧૫ ]

વર્ષ ૧૦ ] ★ એપ્રિલ : ૧૯૯૧ ★ [ અંક ૨ જો

## અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧. | સાત્ત્વિક વૃત્તિ | શાસ્ત્રીજી | ૩ |
| ૨. | પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ૫ |
| ૩. | જીવનનો પ્રવાહ કઈ દિશામાં? | ડૉ. કાન્તિલાલ કાલાણી | ૯ |
| ૪. | નોકરીની બદલીની વિટંબણાનો અંત | ... | ૧૩ |
| ૫. | આશીર્વાદરૂપ આપત્તિ | ... | ૧૬ |
| ૬. | દિવ્ય પુરુષનાં દર્શન | ... | ૧૮ |
| ૭. | કરદર્શન | શાસ્ત્રીજી | ૨૧ |
| ૮. | જ્ઞાનગોષ્ઠિ | ... | ૨૩ |
| ૯. | અકસ્માતમાં ગેબી બચાવ | ... | ૨૪ |
| ૧૦. | મા મળ્યાની પ્રતિતિ | ... | ૨૬ |
| ૧૧. | પૂજ્ય ગુરુજીનો અમેરિકાનો કાર્યયજ્ઞ | ... | ૨૮ |
| ૧૨. | સમાચાર | ... | ૩૧ |


★ આ ત્રૈમાસિક અંક જાન્યુઆરી, એપ્રિલ, જુલાઈ અને ઑક્ટોબર માસમાં પ્રગટ થશે.

★ આપનું ૧૯૯૧ના વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.

★ પાંચ વર્ષનું એકસામટું લવાજમ સ્વીકારવામાં આવે છે.

★ વાર્ષિક લવાજમ રૂપિયા દસ ★

પ્રકાશક : શ્રી કૈલાસબહેન એન. પરીખ, શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ, 'નિલોષા' બંગલો, ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે, ગુલબાઈ ટેકરા, અમદાવાદ – ૩૮૦૦૧૫

મુદ્રક : સરિતાબાઈ એ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ – ૩૮૦ ૦૦૧ * ફોન : ૩૯ ૨૫ ૧૨

Scanned by CamScanner

# સાત્ત્વિક વૃત્તિ

શાસ્ત્રીજી

શ્રીકૃષ્ણ ભગવાને દૈવી સંપતનું વર્ણન કરતાં સાત્ત્વિક વૃત્તિને બીજા જ ક્રમે મૂકી છે. જેથી તેની મહત્તા-પ્રાધાન્ય આપોઆપ જ તરી આવે છે.

સાત્ત્વિક વૃત્તિ એટલે મનુષ્યના સમસ્ત વ્યક્તિત્વ અને અસ્તિત્વમાંથી ઉદ્‌ભવતા-સત્યપરાયણ, નીતિ પરસ્ત, પ્રમાણિક અને માનવતાભર્યો જીવનનો અભિગમ. જીવન પ્રત્યેનો પ્રોત્સાહીક-હકારાત્મક અને રચનાત્મક અભિગમનો પણ સમાવેશ થાય છે. ઉપરાંત એમાં દયા, પ્રેમ, સહૃદયતા અને આત્માના દિલના છાને ખૂણે પડેલી લાગણીઓની પિછાન, સંવેદનશીલતા, કોઈના દિલને આઘાત ન પહોંચે, કોઈનું દિલ તૂટી ન જાય એવા વાણી-વર્તનનો પણ સાત્ત્વિક વૃત્તિમાં સમાવેશ થાય છે. સાથે જ એવા આહાર વિહાર આચારનો પણ તેમાં સમાવેશ થાય છે.

મેં આપેલા નવ સિદ્ધાંતો સાત્ત્વિક વૃત્તિના જ પ્રચારક ને પ્રસારક છે. એ નવ સિદ્ધાંતોનું આચરણ કોઈ પણ મનુષ્યને સાત્ત્વિક બનાવી શકે છે. મનુષ્યની નિઃસ્વાર્થ સેવાભાવના પણ સાત્ત્વિક વૃત્તિમાંથી જ જન્મે છે.

અંતતોગત્વા સાત્ત્વિક વૃત્તિ એ મનુષ્યનો મૂળભૂત સંસ્કાર જ છે. પ્રત્યેક માતાપિતાએ ગર્ભમાંથી બાળકને એવા સંસ્કાર આપવા જરૂરી છે. બાળકના ઉછેર દરમિયાન પણ તેના અસ્તિત્વ ને વ્યક્તિત્વમાં સાત્ત્વિકતાનો આવિર્ભાવ થતો રહે તે જોવું જરૂરી છે. માના ગર્ભમાંથી પોતાને પ્રાપ્ત થયેલ સંસ્કાર મનુષ્યને તેના સમગ્ર જીવન દરમિયાન દોરવણીરૂપ બની રહેશે. સમગ્ર જીવન દરમિયાન સેવેલી સાત્ત્વિકતા જીવનના અન્તકાળે પણ ખપ લાગશે. પ્રાણ છોડતી વેળાનું સાત્ત્વિક અસ્તિત્વ બીજા જન્મમાં પણ જીવનમાં સાત્ત્વિકતાનો આવિર્ભાવ લાવશે.

બાળકના જન્મ અને ઉછેર દરમિયાન તેનામાં નાની નાની વાતોથી સાત્ત્વિકતાનું સિંચન કરતા રહેવું જોઈએ તો જ મનુષ્ય સાત્ત્વિક ગુણોથી સભર બની શકે છે. પોતાના જ ભાઈભાંડુઓ સાથે, પાડોશીઓના કે શાળામાં સાથે ભણતાં બાળકો પ્રત્યે દ્વેષ-ઈર્ષ્યા નહિ, પણ પ્રેમ ને માનવતાની લાગણી જગાડવી જરૂરી છે. નાની નાની ચીજો કે બાબતો માટે પરસ્પર ઝઘડતાં બાળકોને યોગ્ય સમજણ ને શિસ્ત શીખવવાં જરૂરી છે.

ઘણી વાર મોટાંઓ જ બાળકોની કાલીઘેલી ભાષા ને બાળસહજ વલણ-વર્તનથી વાત્સલ્ય-વિભોર થઈને દ્વેષ, ઈર્ષ્યા, અહમ્‌નાં બીજ રોપતાં હોય છે.

વ્યવહારમાં ઘણી વાર જોવા મળે છે કે, માતાને બીજું બાળક આવવાનું હોય તો પહેલા બાળકને કહેવામાં આવે છે કે, જો તારો નાનો ભાઈ આવશે ને પછી તને કોઈ નહિ તેડે. તને કશું નહિ મળે. હું તને કંઈ નહિ આપું, બધું જ નાના ભાઈને આપી દઈશ. આવી બધી બાબતો પરત્વે બાળક જે પ્રતિભાવ દર્શાવે છે તેનાથી આપણે ક્ષણભર આનંદ પામીએ છીએ, પણ બાળમાનસ પર તેની વિપરીત અસર પડે છે. તેનામાં દ્વેષ ઈર્ષ્યાનાં બીજ રોપાય છે, નિર્દોષ નિર્મળ બાળમાનસ ડહોળાય છે. આથી બાળમાનસ પર ચિરંજીવ સાત્ત્વિક છાપ અંકિત કરવાનો પ્રયત્ન કરવો જરૂરી છે.

હું નોકરીએ જતો ત્યારે મારા બાપુજી મને હંમેશા કહેતા કે, જો બેટા, અનીતિનો એક પૈસો પણ ઘરમાં ન લાવીશ, નહિ તો તે આપણું જે કંઈ છે તે પચાવી જશે. આ ટકોરને હું હંમેશ નજર સમક્ષ રાખતો ને આજે પણ એ ટકોર મને સતત યાદ આવે છે. બાકી મારી નોકરી એવી હતી કે મેં ધાર્યું હોત તો લાખો રૂપિયા બનાવી શક્યો હોત, પણ મેં એવું કોઈ પગલું ન ભર્યું ને એથી દૂર જ રહ્યો.

આમ મનુષ્યની સાત્ત્વિક વૃત્તિ તેના સમસ્ત અસ્તિત્વ ને વ્યક્તિત્વને દિવ્ય, તેજસ્વી ને પ્રભાવક બનાવે છે. મનુષ્યની સાત્ત્વિક વૃત્તિ જ તેને સત્કર્મો પ્રત્યે વાળે છે. તેના સત્કર્મો સંચિત થતાં શુભ પ્રારબ્ધનું નિર્માણ કરે છે. મનુષ્યની સાત્ત્વિક વૃત્તિ તેના સમસ્ત જીવનવ્યવહારને સત્યપરાયણ, શુદ્ધ અને ભગવદ્‌પરાયણ બનાવે છે.

મનુષ્ય પોતાના જીવનમાં પૂર્વના પુણ્ય બળે કે પ્રારબ્ધવશાત્ ભલે ગમે તેટલો સુખી હોય, તે ભલે તેટલી નિરંતર ઉપાસના કરતો હોય, તેમ છતાં પણ તેનામાં સાત્ત્વિક વૃત્તિનો આવિર્ભાવ હોવો જરૂરી છે. સાત્ત્વિક વૃત્તિવાળો કદી કોઈને અન્યાય ન કરી શકે, કોઈને દુઃખ ન પહોંચાડી શકે.

સાત્ત્વિક વૃત્તિ હોવી ને રાખવી એ પણ એક સાધના છે—ઉપાસના છે. જીવનભર જે સાત્ત્વિક વૃત્તિ જાળવી શકે છે તે જન્મોજન્મ સાત્ત્વિકતાને પ્રાપ્ત કરી શકે છે. કારણ કે જીવનભર કેળવેલી સાત્ત્વિકતા, અંતકાળે પણ સેવેલી સાત્ત્વિકતાનો સંસ્કાર તેને વાસનાના વળગણમાંથી મુક્ત રાખી શકે છે. સાત્ત્વિક વૃત્તિ વાસનામોક્ષ કરી શકે છે. સાત્ત્વિક વૃત્તિ કોઈ વાસના રાખતી જ નથી તેથી તેનો અંત પણ સાત્ત્વિક ને પુનર્જન્મ પણ સાત્ત્વિક વૃત્તિવાળો બને છે.

સાત્ત્વિક વૃત્તિવાળાને ઘણીવાર ઘણું સહન કરવું પડે છે, તો ક્યારેક અભાવો પણ વેઠવા પડે છે. પણ સાત્ત્વિક વૃત્તિ મનુષ્યનો દૈવી ગુણ હોવાને કારણે પરમાત્માની ગેબી સહાય, રક્ષણ તેને સતત મળતું રહે છે. પરમતત્ત્વની કૃપા પણ તેને સતત મળતી રહે છે. એ સાત્ત્વિક વૃત્તિની ઘણી મોટી નિપજ ગણી શકાય.

પાંડવો સત્યપરાયણ હોઈ તેમના શ્રેયાર્થે, તેમના રક્ષણાર્થે ભગવાન કૃષ્ણ તેમના પક્ષે રહ્યા.

જેઓ ઉપાસનામાં પ્રવૃત્ત છે તેઓ માટે શ્રદ્ધા, શરણાગતિ, બાળભાવ નિષ્કામના સાથે સાત્ત્વિક ભાવ પણ કેળવવો જરૂરી સમજું છું. સાત્ત્વિકતાને આત્મસાત્ કરવાનો તમે સૌ પ્રયત્ન કરશો એવી આશા રાખું છું.

□



[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૮૭


Scanned by CamScanner

# પૂ. ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....

૧૯૮૦ની સાલની આ વાત છે. છેલ્લા છ આઠ મહિનાથી જ ગુરુદેવના રૂબરૂ સમ્પર્કમાં આવેલા સૂરતના એક ભાઈએ પોતાની અનુભૂતિઓ વર્ણવતાં જણાવ્યું હતું કે, હું ગુરુદેવને મળ્યો ત્યારે મને સ્કીન ડીસીઝ હતો. ગુરુદેવના જીવનજળ અને માર્ગદર્શનથી તે મટી ગયો.

હું ગુરુદેવને મળ્યો ત્યારે આઠસો રૂપિયાની નોકરી કરતો હતો. પછી થોડા વખતમાં બીજી લીધી. મને નવસો રૂપિયાનો પગાર મળવા લાગ્યો. મારાં લગ્ન થયાં તેથી વધુ જરૂર પડી. ગુરુદેવને મળ્યો ત્યારે આ અંગે વાત કરી. તેમણે કહ્યું : હું પ્રયત્ન કરીશ. થઈ જશે. થોડા જ વખતમાં મને નવી નોકરી મળી. પાંડેસરાની એક ફેક્ટરીમાં હું આસીસ્ટન્ટ મેનેજર છું. આજે ૩૦૦૦ રૂ. નો પગાર મળે છે!

ગુરુદેવના સમ્પર્કમાં આવ્યો તે પહેલાંથી જ હું ગાયત્રીમંત્રની માળા તો કરતો જ હતો. ગુરુદેવના આદેશથી મેં ત્રિપદા ગાયત્રી મંત્રની માળા શરૂ કરી. તેમનું સાહિત્ય વાંચતા, તેમનો ઉપાસના અને જીવન પ્રત્યેનો અભિગમ સમજવા મળ્યો. તેઓ બ્રાહ્મમુહૂર્તમાં ઉપાસના કરવાનું શ્રેષ્ઠ ગણે છે તેમ જ





Scanned by CamScanner

તેઓ કોઈને ત્યાં જમતા નથી કે પાણી પણ પીતા નથી. ઘરમાં સભ્યોએ બનાવેલી રસોઈ જ જમે છે. આ વાંચી મને પણ બ્રાહ્મમુહૂર્તમાં જ માળા કરવાની પ્રેરણા જાગી. એટલું જ નહિ, બહારનું-કોઈના ઘરનું ખાવાનું બંધ કર્યું. પરંતુ ક્યારેક કોઈ સગાસંબંધીને ત્યાં જતો ત્યારે મુશ્કેલી પડતી. આ અંગે મેં ગુરુદેવને કહ્યું. તેમણે મને કહ્યું :

"હા, બહારનું ખાવાનું બંધ કરશો તો સારું રહેશે. સંબંધીઓને પણ સ્પષ્ટ ને નમ્રતાથી ના પાડો તો વાંધો નથી."

આમ ગુરુદેવે નિર્દેશેલ અભિગમથી મને ખૂબ જ માનસિક શાંતિ, શક્તિ અને સ્પંદનોનો અનુભવ થાય છે. શરીર અને મનમાં ખૂબ જ સ્ફૂર્તિ અને તાજગી લાગે છે.

ગુરુપૂર્ણિમાને દિવસે અમદાવાદ જવાની મને પ્રેરણા થઈ. મેં નોકરીમાં રજા માગી. મને કહેવામાં આવ્યું કે તમે જવાબદારી સમજો છો? તમે રજા લેશો તો ૧૦૦ રૂપિયા કાપી લઈશું.

મેં નમ્રતાથી જણાવ્યું કે, હું મારી જવાબદારી તો સમજું છું પણ મારે જવું જરૂરી છે. પછી તો જેવી તમારી મરજી.

માને મનોમન પ્રાર્થના કરી કે જેવી તારી મરજી. ૧૦૦ રૂપિયા કપાઈ જાય તેનો મને રંજ નથી, પણ ગુરુપૂર્ણિમાએ અમદાવાદ જવાની તીવ્ર ઇચ્છા છે. પછી તો જેવી તારી મરજી!
છેવટે મને રજા મળી. એટલું જ નહિ, ૧૦૦ રૂપિયા પણ નહિ કપાયા!

ગુરુપૂર્ણિમા નિમિત્તે હું અમદાવાદ જવા તૈયાર થયો. સુરતથી રાત્રે લોકલમાં નીકળનાર હતો. મેં ધોવાનું પેન્ટ કાઢી ઇસ્ત્રીવાળું બીજું પેન્ટ પહેરવા કાઢ્યું. ધોવાનું પેન્ટ મારી પત્નીને આપ્યું. તે ધોવા નાખવા જતી હતી. પણ મારી બાએ કહ્યું કે ભાઈ! રાતનો સમય છે. ગાડીમાં ગિરદી ઘણી હોય તેથી તું આ ધોવાનું પેન્ટ જ ગાડીમાં પહેરીને જા. અને આ ઇસ્ત્રીવાળું ધોયેલું પેન્ટ કાલે સવારે ગુરુદેવ પાસે જાય ત્યારે પહેરજે. મને પણ બાની વાત વ્યાજબી લાગી તેથી મેં તે પ્રમાણે જ કર્યું. તો એમાંથી રૂ. ૨૦૦ નીકળ્યા!

એ ૨૦૦ રૂપિયા ગુરુદેવે મૂક્યા હશે એમ મારું કહેવું નથી, પણ એ પેન્ટ ધોવા ગયું હોત તો રૂ. ૨૦૦નું મને નુકસાન થાત.

ગુરુદેવનું સ્મરણ કરી હું સુરતથી રાત્રે લોકલ ટ્રેનમાં અમદાવાદ જવા નીકળ્યો. ટ્રેનમાં ખૂબ ગિરદી હતી. બેસવાની જગા ન મળી. આથી હું ટ્રેનના ડબ્બાના બારણે પગ લટકાવી બેઠો હતો. મારી બાજુમાં એક અપરિચિત ભાઈ આવીને બેઠા. તેમની સાથે વાતનો દોર શરૂ થયો. થોડી સત્સંગની વાતો શરૂ થઈ. અચાનક જ એક નાના સ્ટેશનના પ્લૅટફૉર્મ પર ગાડી આવી ગઈ તેની ખબર ન પડી. હું મારી બાજુના અજાણ્યા યાત્રિક સાથે ગુરુદેવ અંગે જ વાત કરી રહ્યો હતો. અચાનક કોઈક અગમ્ય બળથી મારા લટકતા પગ ઉપર આવી ગયા અને મારી બાજુમાં બેઠેલ યાત્રિકના પગ પ્લૅટફૉર્મ સાથે જોરથી અથડાતાં બેઉ પગે ફ્રેક્ચર થયું.

માતાજીએ શાસ્ત્રીજીને પોતાની અલૌકિક ને દિવ્ય શક્તિઓથી સંપન્ન કર્યા છે અને લોકસેવાનો આદેશ આપ્યો છે. જીવનની આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત મનુષ્ય ગમે તે કારણથી ગુરુદેવ પાસે આવે છે ત્યારે માતાજી તેનું કેવું ધ્યાન રાખે છે, તેનું રક્ષણ કરે છે, બચાવ કરે છે, તેનું આ દૃષ્ટાંત છે. ઉપાસકને આવા આવા અનુભવો કરાવી તેની શ્રદ્ધા અને શરણાગતિને સમૃદ્ધ ને બળવત્તર બનાવે છે.



[ આધ્યાત્મિક કેડી, એપ્રિલ, '૯૧

Scanned by CamScanner

પરતત્ત્વ–માતાજી સુવાસમય છે. એ સુવાસમય પરમાત્માની દિવ્ય ને અલૌકિક શક્તિઓ જેમણે આત્મસાત્ કરી હોય તેમના સાન્નિધ્યમાં–સમ્પર્કમાં આવનાર વ્યક્તિને સુવાસની, પરમતત્ત્વની સૂક્ષ્મ ઉપસ્થિતિની અનુભૂતિઓ થાય તે સ્વાભાવિક છે.

અમદાવાદના વાસણા વિસ્તારના રહીશ શ્રી જશવંતભાઈ શુક્લે સુવાસ અને માતાજીની સૂક્ષ્મ ઉપસ્થિતિનાં દર્શનની અનુભૂતિઓ એક દિવસ ગુરુદેવના સાન્નિધ્યમાં વર્ણવી હતી. તેમણે ભાવવિભોર બની જણાવ્યું હતું કે,

મને અને મારી પત્નીને ઑફિસમાં સુવાસનો અનુભવ થાય છે. એક દિવસ ઘેર સુખડની સુવાસ આવતી હતી.

એક દિવસ ગુરુદેવનું મુખારવિન્દ દિવ્ય તેજનાં કિરણોથી ઓપતું હતું.

સાતમી સપ્ટેમ્બરે સાંજે કૂટિરમાં આરતી સમયે માતાજી ગુરુદેવના રૂમમાં પલંગ ઉપર બિરાજમાન હતા તેવો સંકેત મળ્યો અને તે જ સમયે સુખડની દિવ્ય સુવાસનો અનુભવ થયેલો. આરતી પછી ઘણા ભક્તોને સુવાસનો અનુભવ થયેલો તેની જાણ ગુરુદેવને કરાઈ હતી.

નવરાત્રીના ચોથા દિવસે સાંજે પ્રાર્થના સમયે માતાજી ગુરુદેવની પાછળ મુગટ ધારણ કરી ઊભા છે તેવી સૂક્ષ્મ અનુભૂતિ થઈ.

એક દિવસ આરતી સમયે વરસાદ પડવાથી માતાજીના રૂમમાં આરતી કરી. તે સમયે માના સ્વરૂપમાં ધ્યાન થવાથી માએ સુવર્ણમય મુગટ ધારણ કર્યો તેવું દેખાયું. બાકી ફોટો જે સ્થિતિમાં હતો તે જ સ્વરૂપે હતો. પછીના બે દિવસ સળંગ પહેલાં પાંચ મંત્રો બોલતાં બોલતાં શરીરનો કેડથી ઉપરનો ભાગ લાંબો થવા લાગ્યો હતો.

આઠમના દિવસે ગરબાના સમયે ગુરુદેવના દિવ્ય અંગમાંથી ગુલાબની સુવાસના ફુવારા છૂટતા હોય તેવો અનુભવ થયો.

માના રૂમમાં અગર પ્રાર્થના સમયે દરવાજામાં પ્રવેશ કરતાં સુવાસનો અનુભવ કરું છું. આ સુવાસ જ મને દરરોજ કુટિરમાં આવવા પ્રેરે છે.

નવરાત્રીના આઠમના દિવસે સવારે પૂજા દરમ્યાન સંકેત આપ્યો કે સાંજે કૂટિરમાં જાય ત્યારે હિંચકા પર લાલ રંગનો ગાલીચો તથા તકિયા પાથરેલા હશે. નવદુર્ગાનો ગરબો ગવાશે ત્યારે હું સૂક્ષ્મ રૂપે દર્શન આપીશ. હું કૂટિરમાં ગયો તો માતાજીના સંકેત મુજબ ગાલીચો–તકિયા હતા. ગરબા સમયે માતાજી સડસડાટ રૂમમાંથી બહાર ગરબે ઘૂમવા પધાર્યાં!

એક દિવસ નોરતા દરમ્યાન આરતી સમયે ગુરુદેવની પાછળના ભાગમાં માતાજીએ સૂક્ષ્મ રૂપે દર્શન આપ્યા. તેમની પાછળ અર્ધચન્દ્રાકારમાં ગાયત્રી મંત્ર લખેલો હતો.

ડિસેમ્બર–'૯૦ માં ગુરુદેવ લંડન ગયા તે દરમિયાન એક ગુરુવારે સાંજે બરાબર ૭–૩૦ વાગ્યે હિંચકો હાલતો હતો, (પવન બિલકુલ ન હતો અને વાતાવરણ સંપૂર્ણ શાંત હતું.) તેમના લન્ડનના પ્રવાસ દરમ્યાન ૧૫ દિવસ ઑફિસમાં બપોરે ૧૨ થી ૪ દરમ્યાન થોડા થોડા સમયના અન્તરે સુવાસના અનુભવો થતા હતા. ગુરુદેવ અમદાવાદ પાછા ફર્યા ત્યારથી સુવાસ આવતી બંધ થઈ ગઈ.



Scanned by CamScanner

ડિસેમ્બરમાં મારાં પત્ની માયસોર સેમિનારમાં ગયાં હતાં. તેમને રહેવાની હોસ્ટેલના રૂમમાં તેઓ એકલા હતાં. આથી ગુરુદેવ અને માતાજીને યાદ કર્યા ને તરત સુવાસનો તીવ્ર અનુભવ થયો, જેથી તેમને એકલપણું જણાયું નહિ.

એક દિવસ રાત્રે દસની આસપાસ ઘરની અગાસીમાં બેઠો બેઠો માનસિક જપ કરી રહ્યો હતો ત્યારે મા સૂક્ષ્મ સ્વરૂપે કમંડળ ધારી આકાશમાં વિહારી રહ્યાં હોય તેવો ભાસ થયો હતો.

ધૂળેટીના દિવસે આરતીના સમયે ગુરુદેવમાં શંખચક્ર ને આભૂષણોમાં સજ્જ માતાજીનાં દર્શન થયાં.

ગુરુદેવનું સાન્નિધ્ય એક ક્ષણ પણ છોડવું ગમતું નથી. આથી નિયમિત તેમના સાન્નિધ્યમાં જવાનો નિયમ બનાવ્યો છે.

અમદાવાદમાં ૧૨-૧૩ દિવસની ઑફિસર ગ્રેડની ટ્રેનિંગ પ્રમોશન માટે હતી, પણ ગુરુદેવના કુટિરના સાન્નિધ્યના સમયને અનુકૂળ ન હોવાથી એ ટ્રેનિંગ મેં જતી કરી. મારે પ્રમોશન નથી જોઈતું. આ ક્ષેત્રે જ આગળ વધવામાં રસ છે.

ઘણા સંતોના સાન્નિધ્યમાં આવ્યા પછી દિવ્ય અને અલૌકિક અનુભવો થયા છે, જેથી મેં તેમને જ ગુરુ તરીકે સ્વીકારી લીધા ને તેમના થકી માતાજીની કૃપાનો લાભ મળ્યો છે. ગુરુદેવના આશીર્વાદ અને કૃપા કદાપિ ભૂલી શકું તેમ નથી.

□

Scanned by CamScanner

# જીવનનો પ્રવાહ કઈ દિશામાં?

ડૉ. કાન્તિલાલ કાલાણી

જીવન સંઘર્ષમય છે કે આનંદમય એવો કોઈ પ્રશ્ન પૂછે તો તેનો 'હા' કે 'ના'માં ઉત્તર આપી શકાય નહિ. મનુષ્યજીવન દ્વન્દ્વમય છે. તેમાં સુખ-દુઃખ, હર્ષ-શોક, સારું-નરસું, લાભ-હાનિ, માન-અપમાન, પ્રકાશ-અંધકાર, વિજય-પરાજય, એમ અસંખ્ય દ્વન્દ્વો કાર્યરત છે. આ બધાં દ્વન્દ્વો સાપેક્ષ છે. સાપેક્ષ એટલે સ્વતંત્ર હસ્તિ ન ધરાવનાર પણ અન્ય પર આધાર રાખનાર બાબત. દુઃખ ન હોય તો સુખ, લાભ ન હોય તો હાનિ, માન ન હોય તો અપમાન, પરાજય ન હોય તો વિજય ઇત્યાદિનું સ્વતંત્ર મહત્ત્વ નથી; તેઓ પરસ્પરાવલંબી છે.

જ્ઞાની કે વિચારક બરાબર સમજે છે કે બધાં દ્વન્દ્વ માણસના અન્તઃકરણની જ નીપજ છે. સુખ-દુઃખ, લાભ-હાનિ ઈત્યાદિ વસ્તુ કે પદાર્થ નથી કે તેને સ્પર્શ કરી શકીએ અથવા પકડી શકીએ. અન્તઃકરણમાં ક્રિયા અને પ્રતિક્રિયા, અનુકૂળતા અને પ્રતિકૂળતા, ગમા અને અણગમા પ્રસંગોપાત્ત ઉત્પન્ન થાય છે અને સમય વીત્યે શમી જાય છે. ચિત્ત એક ને એક અવસ્થામાં લાંબો સમય રહી શકતું નથી. હા, જેમાં મનને રુચિ પડતી હોય તેમાં તે લાંબો સમય રહી શકતું નથી. હા, જેમાં મનને રુચિ ન પડતી હોય તેમાં લાંબો કે વધુમાં વધુ સમય રહેવા પ્રયત્નશીલ રહે છે અને જે ન ગમતું હોય અથવા અરુચિકર હોય તેનાથી દૂર જવા કે છટકવા પ્રયત્ન કરે છે. આ રુચિ કે અરુચિ પણ કાયમી નથી. અમુક ઉંમરે જે રુચિકર લાગતું હોય તે ઉંમર બદલાતાં રુચિકર રહેતું નથી. બાળકોને બાળપણમાં રમકડાંમાં ખૂબ મજા આવે છે; પીપરમીન્ટ કે બરફના રંગીન ગોળા કે ચૉકલેટ ખાવાં ગમે છે પણ મોટી ઉંમરે તેને આવી વસ્તુઓમાં રુચિ ન રહે તે સમજી શકાય તેવું છે. સંગને કારણે પણ રુચિ કે અરુચિ થાય અને સંગ બદલાતા રુચિ બદલાય. ટૂંકમાં આ જગતમાં કશું જડબેસલાક નથી. અહીં બધું પરિવર્તનશીલ છે. એટલે જ્ઞાની, સમજુ કે વિચારવાન માનવી કોઈને કે કશાયને વળગતો નથી, આસક્તિ નિર્માણ કરતો નથી કે હુંપણાના અને મારાપણાના ભાવ સ્થાપિત કરતો નથી; તત્પૂરતો તેનો ઉપયોગ કરી લે છે.

ભક્તો તેથી વિશેષ કરે છે. તેમણે સમજણપૂર્વક એવો નિશ્ચય કર્યો હોય છે કે અહીં જે કાંઈ છે તે બધું જ ભગવાનનું છે. અને પોતે પણ ભગવાનના જ છે. જો બધું જ ભગવાનનું છે તો કશાય પર માલિકી હક્ક સ્થાપી શકાય નહિ, બધાંયમાં શરીરનો સૌ પ્રથમ સમાવેશ કરવો જોઈએ. હવે શરીર જ જો ભગવાનનું હોય તો શરીર દ્વારા જ કાંઈ પ્રાપ્ત થાય છે અથવા શરીર સાથે જે કાંઈ સંબંધિત છે, તે બધું ભગવાનનું જ ગણાય. તેમ છતાં પરમાત્માનું સકલ સર્જન કોઈ ને કોઈ માટે એક કે બીજી રીતે ઉપયોગી છે. એટલે જેની આવશ્યકતા ઊભી થાય તેનો ઉપયોગ કરી લેવો જોઈએ, પણ ઉપભોગ સુધી ન જવું જોઈએ.

મનુષ્યને ઉપયોગ અને ઉપભોગ વચ્ચેના તફાવતનો ભાગ્યે જ ખ્યાલ હોય છે. વસ્તુના ઉપયોગમાંથી તે તેના ઉપભોગમાં ક્યારે સરી પડે છે તેનો તેને ખ્યાલ રહેતો નથી અને સીતા રાવણના હાથમાં સપડાઈ ગઈ હતી તેમ મનુષ્ય મોહ કે લોભના સાણસામાં સપડાઈ જાય છે. એટલે ઉપયોગ અને ઉપભોગ વચ્ચે જે સૂક્ષ્મ તફાવત છે તે સ્પષ્ટ હોવો જરૂરી છે. ઉપભોગમાં અભાનપણું છે. એટલે ભોગમય બની જવાની સંભાવના રહે છે. જ્યારે ઉપયોગમાં જાગ્રતિનાં દર્શન થાય છે. મનુષ્ય સજાગ ન

હોય તો કોઈ વસ્તુ–પદાર્થ કે વ્યક્તિનો ઉચિત રીતે ઉપયોગ કરી શકે નહિ. મનુષ્ય જે સાધનનો ઉપયોગ કરે તેની કાર્યદક્ષતાનો ખ્યાલ હોય નહિ તો તે સોનાની જાળ માછલી પકડવા નાખે એવો સંભવ છે. જે સાધનનો જે વેળા જેટલો ઉપયોગ થતો હોય તેટલો જ કરવો. વિશેષ નહિ, એટલું વિવેકભાન હોવું જ જોઈએ. તલવારથી સ્વરક્ષણ થઈ શકે અથવા કોઈના બચાવ માટે તેનો ઉપયોગ કરી શકાય. પણ તલવારથી શાક ન કપાય અથવા માખો ન મરાય કે કોઈની હત્યા ન થાય.

સાધન હાથમાં આવી ગયુ એટલે બધું જ હાથમાં આવી ગયું હોય એમ માની ન લેવાય. સાધનનો કેમ ક્યારે અને કેટલો ઉપયોગ કરવો તે આવડવું જ જોઈએ; નહિતર ઇચ્છિત કે ધાર્યું પરિણામ આવે નહિ એટલે સાધનના ઉપયોગમાં જાગ્રતિની અથવા વિવેકની આવશ્યકતા છે, નહિતર માણસ સાધનનો દાસ બની જાય.

ઉપભોગમાં વેગ છે, જ્યારે ઉપયોગમાં નિર્વેગપણું છે. આવેગ જો કે અભાનપણાને કારણે જ છે. મનુષ્ય મન ઉપભોગમા એટલું લલચાઈ જાય છે કે તે તેના પર સંયમ કે નિયમ રાખી શકતો નથી. મનુષ્ય ઉપભોગ કરતી વેળા અધીરો અને સંકુચિત બની જાય છે. તે અન્યનો વિચાર કરી શકતો નથી. વળી ઉપભોગમાં સંપૂર્ણ તૃપ્તિનો ભાવ કદી જન્મતો નથી. તેમાં તત્કાલ તૃપ્તિ જેવું લાગે, પણ સમય વીતવા સાથે મન ત્યાં ખેંચાયા વિના ન રહે. ઉપભોગ કર્યા પછી મનમાં ભોગવટાના સાધનનું સ્મરણ રહ્યા કરે છે. ભોગવટાનું પરિણામ થાક, કંટાળો, અસંતોષ, કામચલાઉ સુખ કે વિષાદ હોઈ શકે. ઉપયોગમાં તૃપ્તિ કે અતૃપ્તિનો પ્રશ્ન જ ઊઠતો નથી. વળી ઉપયોગ કર્યા પછી વસ્તુનું સ્મરણ પણ રહેતું નથી. હા. ફરી જ્યારે તેનો ઉપયોગ કરવાનો હોય ત્યારે વસ્તુ કે પદાર્થ યાદ આવે, પણ તેની સ્મૃતિ ન રહે. વળી વસ્તુ કે પદાર્થનો સમજણપૂર્વક ઉપયોગ કરવામાં આવ્યો હોય તો તેનું રચનાત્મક પરિણામ આવે અને મનમાં કોઈ પ્રકારનો આવેગ નહિ હોવાથી સાધનનો વધુ સારો ઉપયોગ કઈ રીતે થઈ શકે તેના વિચારો આવી શકે.

ડાહ્યો મનુષ્ય સાધન સાથે તાદાત્મ્ય સાધી દેતો નથી. પોતે સાધનનો ઉપયોગ કરી રહ્યો છે એટલું ભાન હોવાથી તે ઇચ્છે ત્યારે તેનાથી છૂટો થઈ શકે છે. પણ અજ્ઞાની માણસ ઉપભોગ કરતી વેળા ભોગ્ય સાધન સાથે એટલો એકાકાર થઈ જાય છે કે તે પોતે તેનાથી અલગ છે અથવા વધુ પડતો કે અમર્યાદ ઉપભોગ હાનિકારક છે એવો તેને ખ્યાલ રહેતો નથી. ઉપભોગમાં રસ અથવા સ્વાદ પડવાથી આમ બને છે. આ રસ કે સ્વાદ તત્ક્ષણ એટલા મોહક અથવા આકર્ષક હોય છે કે તેને અવારનવાર ભોગવવાનું મન થાય છે. અવારનવાર ભોગવટો કરવાથી ભોગવટાની ટેવ પડી જાય છે. જો ટેવ પડી ગઈ તેનાથી જલદી છૂટું પડી શકાતું નથી. એ ટેવમાંથી છૂટવા સંગ બદલવો જ પડે. સંગ ન બદલાય તો સંગદોષથી ફરી ભોગ ભોગવવાનું મન થાય. આમ ઉપભોગનું ચક્ર ચાલ્યા કરે છે.

મનુષ્યને જે શરીર મળ્યું છે તે જીવંત છે અને પરમાત્માની અનુભૂતિ કરવા માટેનું અતિ ઉત્તમ સાધન છે. તેનો આત્મપ્રાપ્તિ માટે ઉપયોગ કરવામાં આવે તો તે બંધનરૂપ લાગતું નથી અને મુક્ત સ્થિતિનો અનુભવ કરાવે છે. પણ મનુષ્ય શરીરરૂપી સાધનને પરાધીન બની જાય છે, એટલે તે બંધનરૂપ બને છે.

સાધનનો સદુપયોગ કરવો કે દુરુપયોગ તે મનુષ્યના હાથની વાત છે. કોઈપણ સાધન સદુપયોગી કે દુરુપયોગી નથી. જે માણસ સાધનનો ઉપયોગ કરે છે તે સ્વતંત્ર છે; જેનો ઉપયોગ કરવામાં આવે છે તે જડ છે. બુદ્ધિ દેહનો ઉપયોગ કરી શકે છે એટલે બુદ્ધિ દેહ કરતાં ચેતનવંતી છે. દેહ બુદ્ધિનો ઉપયોગ કરી શકતો નથી. એ રીતે જોઈએ તો જે પોતાની ઇચ્છા પ્રમાણે કરી શકે તે સ્વતંત્ર અને



Scanned by CamScanner

પોતાની ઇચ્છા પ્રમાણે ન કરી શકે તે પરતંત્ર. સાધન પોતે પોતાની મેળે પોતાનો ઉપયોગ કરી શકતું નથી. એટલે શુભ કે અશુભ, ગમતા કે અણગમતા, પરિણામ માટે સાધન જવાબદાર નથી. એટલે સાધનનો ઉપયોગ કરનારનું જ મહત્ત્વ છે. તલવારથી કોઈનું ખૂન થયું હોય તો તલવારને ફાંસી કે જન્મટીપની સજા થતી નથી. સજા તલવારનો દુરુપયોગ કરનારને થાય છે.

દેહમાં રહેલો જીવ તન્માત્રાઓ ( શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ તન્માત્રાઓ છે તેમ વિષયો પણ છે ) અન્તઃકરણ ( મન, બુદ્ધિ, ચિત્ત, અહં ), પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોના બનેલા સૂક્ષ્મ શરીરનો તેમ જ પાંચ મહાભૂત ( આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી )નો ઉપયોગ કરે છે. જીવને જે સાધન-સંપત્તિ મળી છે તેનો તે કઈ રીતે ઉપયોગ કરે છે તે અતિ મહત્ત્વનું છે. મનુષ્ય પોતે દૃષ્ટિને જ્યાં જવા પ્રેરે, હાથ-પગ ઇત્યાદિને જ્યાં જવા પ્રેરે, ત્યાં એ જાય છે. અન્તઃકરણ કે ઇન્દ્રિયો ક્રિયાશક્તિના ભાગરૂપ છે. પણ જ્યાં સુધી ઇચ્છાશક્તિ (જીવ) તેમાં પ્રવેશ કે ભળે નહિ ત્યાં સુધી સાધનો કાંઈ કરી શકતાં નથી. આ સાધનોનો જીવ કાં ઉપયોગ કરે છે અથવા ઉપભોગ. જીવમાં જો એટલી સ્પષ્ટ સમજણ હોય કે તેને જે સાધનો મળ્યાં છે તે પરમાત્માની દેણગી છે અને તેમણે આપેલાં સાધનોનો કદી દુરુપયોગ ન જ થવો જોઈએ, પણ વાલી કે ન્યાસી તરીકે સાધનોનો સમ્યક ઉપયોગ થવો જોઈએ તો તો તે ઘણી આપત્તિઓમાંથી બચી જાય. પણ સાધનો પર માલિકીભાવ સ્થાપી તેમનો બેફામપણે ઉપયોગ કરવા માંડે તો તેનાં માઠાં પરિણામ તેણે ભોગવવાં જ પડે. જીવન આ કારણે સંઘર્ષમય બને છે.

મનુષ્યે એટલો તો વિવેક કરવો જ જોઈએ કે સ્વામી કરતાં સાધન મોટું ન હોઈ શકે. પણ તે જ્યારે પોતાના આત્માને કે પરમાત્માને મહત્ત્વ આપવાને બદલે સાધન કે સંપત્તિની પાછળ દોડાદોડી કરે છે અથવા તેને જ સર્વસ્વ માની લે છે ત્યારે જીવનનું સાચું ધ્યેય તેને સમજાયું નથી એમ જ સમજવું જોઈએ. કેટલાક લોકો પોતાના દેહનું પૂજન કરાવે છે અને પૂજન કરનારા પણ દેહને જ મહાન માનતા હોય છે. સાધનનું પૂજન કરનારા સાધ્યને જ ભૂલી જાય તે કેવું વિચિત્ર! ઘણા અનુયાયીઓ કે શિષ્યો ગુરુના દેહને જ પ્રાધાન્ય આપતા હોય છે. એટલે ગુરુનું શરીર છૂટી જતાં અસહ્ય ખાલીપો કે જબરી નિરાશા અનુભવે છે. તેમણે સાધનનું સેવન કર્યું છે. પણ જેને કારણે સાધન હતું તેની પ્રતીતિ તેમને થઈ નથી.

દેહ ગમે તેટલો રૂડો – રૂપાળો કે કંચનવર્ણો હોય પણ તે નાશવંત છે. દેહ જીવ-આત્માને સાચવવા માટેનું અતિ મૂલ્યવાન ખોખું છે તે સાચું પણ જીવ-આત્માની હાજરી છે ત્યાં સુધી જ તેનું મહત્ત્વ છે. એટલે દેહની માવજત થાય તે જરૂરી છે, પણ તેના પ્રત્યે મોહ કે આસક્તિ થાય તેનો અર્થ એ થયો કે મનુષ્યે દેહને ઉપયોગનું નહિ પણ ઉપભોગનું સાધન ગણ્યું છે.

શરીર જેમ સાધન છે તેમ ધન પણ સાધન છે. આ સાધનનો ઉપયોગ દેહની મૂળભૂત જરૂરિયાતો પૂરી કરવા, જેમની જવાબદારી આપણે શિરે છે તેમની આવશ્યકતાઓ પૂરી કરવા, વ્યવહાર કરવા અને લોકહિત માટે કરવો જોઈએ. ધનનું એક સાધન તરીકે આટલું મહત્ત્વ છે અને તેનો સ્વીકાર થવો જોઈએ. પણ કોઈ માણસ દિવસ-રાત ધન માટે ફાંફાં માર્યા કરે, સખત તણાવ અનુભવે, પોતે શાંતિ લે નહિ અને અન્યને શાંતિ લેવા દે નહિ અને જરૂર કરતાં ય ઘણું ધન હોય છતાં અતૃપ્તિ અનુભવે તેને કઈ કક્ષામાં મૂકવો ?

એક દૃષ્ટાંત છે કે એક ફકીર ગરીબોને પૈસા વહેંચતો હતો. એટલે ગરીબ લોકો અને નાના નાના છોકરાઓ તેની આસપાસ ફરતા રહેતા. એક દિવસ તે ગરીબોને પૈસાની લહાણી કરતો હતો ત્યારે



Scanned by CamScanner

સડક પરથી રાજાની સવારી પસાર થતી હતી. હાથી પર બેઠેલો રાજા ફકીરની સમીપ આવ્યો એટલે ફકીરે ખોબો ભરી પૈસા તેના તરફ ફેંક્યા. રાજાને ભારે આશ્ચર્ય થયું. તેને થયું : હું જ ફકીરો અને ગરીબોને દાન કરું છું તેને બદલે મને પૈસા આપનારો આ કોઈ વિશિષ્ટ ફકીર લાગે છે! તેને ફકીરને કહ્યું : સાંઈ, આ ગરીબોને અને છોકરાઓને પૈસાની જરૂર છે. તમે તેમને પૈસા આપો તે હું સમજી શકું છું પણ મને આ માટે આપો છો? ફકીરે કહ્યું : ગરીબોને પૈસા આપવાનું મેં નક્કી કર્યું છે અને તમારા જેવો મોટો ગરીબ બીજો કોણ હોઈ શકે? રાજા આ વાત સાંભળી વિચારમાં પડી ગયો. તેને થયું : હું આટલી મોટી સંપત્તિનો માલિક કઈ રીતે ગરીબ કહેવાઉં? તેણે ફકીરને ખુલાસો કરવા વિનંતી કરી. ફકીરે નિઃસંકોચપણે કહી દીધું કે તમારા વૈભવે અને સંપત્તિએ તમને ગરીબ બનાવી દીધા છે. તમારી પાસે વિશાળ સંપત્તિ હોવા છતાં તમે અસંતોષથી પીડાવ છો અને પ્રજા પાસેથી વધુ ને વધુ ધન મેળવવાની યુક્તિઓ કરો છો. તમારી ધનતૃષ્ણા અમર્યાદ છે. તમે ધનના સ્વામી નથી રહ્યો, ધન તમારું સ્વામી બની ગયું છે. આ સાધનની વિશેષ પ્રાપ્તિ માટે તમે બીજાને નષ્ટ કરી રહ્યા છો. તે તમને જ એક દિવસ નષ્ટ કરશે.

સાધનની મનુષ્ય પર સત્તા પ્રવર્તે છે. પછી એ સાધન દેહ હોય કે ધન, ત્યાં સુધી જીવન સંઘર્ષમય રહેવાનું, પણ મનુષ્યની સાધન પર સત્તા પ્રવર્તશે ત્યારે જીવન આનંદમય બની જવાનું મનુષ્ય જીવનના પ્રવાહને કઈ દિશામાં વાળે છે તેના પર બધો આધાર છે.

□

Scanned by CamScanner

# નોકરીની બદલીની વિટંબણાનો અંત

નોકરીની પ્રાપ્તિ તેમ જ બદલીના પ્રશ્નો યુવાનો માટે જીવનના પેચીદા પ્રશ્નો છે. નોકરીની પ્રાપ્તિ અને બદલીમાં વિલંબ યુવાનોના જીવનમાં-કુટુંબમાં ઘણી મુશ્કેલીઓ-મુસીબતો સર્જે છે, જેનાથી તેઓ કંટાળી જાય છે, હતાશ થઈ જાય છે. પોતાની પસંદગીના ક્ષેત્રમાં નોકરી અને પોતાને ઈચ્છિત સ્થળે નોકરી કે બદલી મેળવવા ઘણા યુવાનો ઉત્સુક હોય છે. તે મળી જતાં તેમનો સમગ્ર જીવનવ્યવહાર સરળ ને સહજ બની જાય છે. એની સાથે ઉદ્ભવેલી અનેક મુસીબતો પળમાં જ વિખેરાઈ જાય છે, તો વળી મનોવાંછિત નોકરી કે બદલી મેળવવામાં આવતા અન્તરાયો--વિઘ્નો જીવનને બોજારૂપ બનાવી દે છે.

સમગ્ર જીવનવ્યવહારના આધારરૂપ અર્થપ્રાપ્તિનો સમસ્ત પ્રશ્ન સુલઝાવવા સેંકડો યુવાન ભાઈબહેનો પરમતત્ત્વની-મા ગાયત્રીની ઉપાસનાના આશ્રયે જાય છે. એટલું જ નહિ શાસ્ત્રીજીથી પરિચિત-અલ્પ પરિચિત યુવાનો કોઈક અગમ્ય પ્રેરણાથી તેમની પાસે દોડી આવે છે તો અપરિચિતો ઈધર-ઉધરથી શાસ્ત્રીજી વિશે સાંભળી તેમના માર્ગદર્શન માટે દોડી આવે છે. એ સઘળા ય યુવાનોની કથની-મનો-વેદના-વિષમતા અને મુસીબતોનો ચિતાર શાસ્ત્રીજી પ્રેમપૂર્વક ધ્યાનથી સાંભળે છે, આશીર્વાદ આપે છે, માર્ગદર્શન આપે છે, શ્રદ્ધાપૂર્વક માતાજીના શરણે જઈ ગાયત્રીમંત્રજપ કરવા સૂચવે છે. એમાં યુવાનોના ધૈર્ય, સહનશક્તિ અને શ્રદ્ધાની કસોટી થાય છે. યુવાનો પણ મુસીબતોની વચ્ચે પણ શાસ્ત્રીજીના માર્ગદર્શન-આદેશનું પૂરું પાલન કરે છે. જ્યારે અકળાય છે ત્યારે એ અકળામણ ગુરુદેવ સમક્ષ વ્યક્ત કરે છે અને મુસીબતો માઝા મૂકી દે છે ત્યારે ગુરુદેવ પાસે જઈ નાના બાળકની જેમ ડૂસકેડૂસકે રડી પડે છે.

શાસ્ત્રીજી તો સર્વને સહૃદયતાથી સાંત્વન આપે છે, ધીરજ બંધાવી આપે છે પણ તેમના શબ્દોમાં જે પ્રેમ છે, અવાજમાં જે સાંત્વન છે, અંતરની જે કરુણા છે તે યુવાનોને - ઘણાં મુલાકાતીઓને જીવનમાં ટકી રહેવાનું બળ આપે છે. ત્યારબાદ તેમની આત્મિક શક્તિ પોતાનો ઓછાયો પાથરીને મુશ્કેલીઓને-મુસીબતોને જે રીતે વિદારે છે તેનું વર્ણન કરવાને શબ્દો હોતા નથી.

અત્રે એક યુવાનની નોકરીની બદલીની કથની રજૂ કરી છે તે આવી હકીકતોને પુષ્ટિ આપે છે. અમદાવાદના એક યુવાને પોતાની એ કથની રજૂ કરતાં જણાવ્યું હતું:

સને ૧૯૮૦માં મા ગાયત્રીની તેમ જ પૂ. ગુરુદેવની કૃપાથી બી. કૉમ. સેકન્ડ ક્લાસ પાસ થયો અને ત્યાર બાદ એમ. કૉમ. અને એલ.એલ.બી.ની પરીક્ષાઓ પાસ કરી. બી. કૉમ. થયા બાદ સરકારી નોકરી મેળવવા ઘણા પ્રયત્નો કર્યા, પરંતુ તેમાં મને નિષ્ફળતા જ મળતી રહી. આ સમય દરમ્યાન મારો જીવનનિર્વાહ ચલાવવા પ્રાઈવેટમાં રૂ. ૨૫૦, રૂ. ૫૦૦ અને તેથી વધુ પગાર મેળવીને નોકરી કરતો હતો. પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીની કૃપાથી નાણાં ખાતાના કન્ટ્રોલ હેઠળના એક ખાતામાં એમ્પ્લોયમેન્ટ ઑફિસ દ્વારા ઈન્ટરવ્યૂ માટે યાદીમાં મારું નામ પણ મોકલવામાં આવ્યું હતું. ઈન્ટરવ્યૂ માટેનો લેખિત પત્ર આવ્યા બાદ એ પત્ર સાથે હું 'નીલેષા' પર પૂ. ગુરુદેવને મળવા ગયો. મેં ઈન્ટરવ્યૂ પત્ર બતાવ્યો. પૂ. ગુરુદેવે મીઠા સ્મિત અને પ્રેમ સાથે મને કહ્યું, 'થઈ જશે'. શ્રદ્ધા અને શરણાગતિથી પૂ. ગુરુદેવનો આ મીઠો રણકાર મારા હૃદયમાં પધરાવીને હું મારા ઘેર પાછો ફર્યો.

ઈન્ટરવ્યૂની તારીખે ગુરુદેવ અને માનું સ્મરણ કરી હું ઈન્ટરવ્યૂ આપવા ગયો. ઈન્ટરવ્યૂ આપ્યાની તારીખથી એક વર્ષ બાદ મારા પર પત્ર આવ્યો કે તમને ઈન્ટરવ્યૂમાં પાસ કરવામાં આવ્યા છે, પરંતુ તમારી નિમણૂક સામે વહીવટી કારણોસર હાઈકોર્ટ તરફથી 'મનાઈહુકમ' આપવામાં આવ્યો છે. આ મનાઈહુકમ રદ થયા બાદ જ તમને નિમણૂક આપવામાં આવશે. કુટુંબની આર્થિક પરિસ્થિતિથી તંગ આવી ગયો હોવાથી મને નોકરી મેળવવાની તાલાવેલી ઘણી જ હતી. મારી ધીરજની કસોટી થતી હોય તેમ લાગવા માંડયું.

ફરીવાર આવેલ પત્ર સાથે હું ગુરુદેવને 'નીલોષા' પર મળવા ગયો. ગુરુદેવે ' માતાજી સહુ સારા વાના કરશે' તેમ કહીને મને આશ્વાસન આપ્યું અને કહ્યું કે 'થઈ જશે.'

આ સમય દરમ્યાન મહામંત્રનું રટણ ચાલુ જ હતું. મારી સાથે પસંદગી પામેલ ઉમેદવારો સાથે મળીને અમોએ આ મનાઈહુકમ સામે હાઈકોર્ટમાં સ્પેશ્યલ પીટીશન દાખલ કરી. પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીની કૃપાથી હાઈકોર્ટ તરફથી અપાયેલ મનાઈહુકમ રદ થયો અને પસંદગી પામેલ બધા જ ઉમેદવારોને નવ માસની ટ્રેઈનિંગ આપવામાં આવી. આ ટ્રેઈનિંગ તા. ૧૫–૯–'૮૮ના રોજ પૂરી થઈ. મને તા. ૧૬–૯–૮૮ના રોજથી વિજયનગર સબ ટ્રેઝરીમાં સબ તિજોરી અધિકારી તરીકે હાજર થવાનો ઓર્ડર આપવામાં આવ્યો. વિજયનગર સાબરકાંઠા જિલ્લામાં રાજસ્થાનની સરહદને અડીને આવેલ ગામ છે. તા. ૧૬–૯–'૮૮ના રોજ હું પેટા તિજોરી અધિકારી તરીકે વિજયનગર પેટા તિજોરીમાં હાજર થયો.

હવે મારી કસોટી ચાલુ થઈ. વિજયનગર રાજસ્થાનની સરહદને અડીને આવેલ ગામ છે. વિજયનગરમાં રસ્તાઓ પહાડી છે. મારા જેવા અપંગને આ રસ્તા પર ચાલીને ઑફિસે જવું ઘણું જ કઠિન છે. રહેવા માટે એક મકાન તો મળ્યું, પણ મકાનમાલિકે ફક્ત એક જ માસ રહેવાની શરતે મકાન ભાડે આપ્યું. મારા દૈનિક નિત્યક્રમમાં પણ મને આ સ્થળે ઘણી જ અગવડો પડવા લાગી. આ સમય દરમિયાન રજાના દિવસે અમદાવાદ આવી મેં મારા ખાતાના વડાને વિનંતીથી બદલી કરવાની અરજી આપી. પરંતુ ખાતાના વડાએ મને રૂબરૂમાં મુલાકાતમાં જણાવ્યું કે વહીવટી અનુકૂળતાએ એકાદ–બે વરસમાં તમારી બદલી કરી આપવામાં આવશે. ખાતાના વડાના આ શબ્દો સાંભળી મને ઘણું જ દુઃખ થયું, પરંતુ સાહેબનો કોઈ સાહેબ હોતો નથી. પરંતુ સાહેબનો સાહેબ ભગવાન તો અવશ્ય છે જ ને!

ત્યારબાદ હું મારી નોકરીના સ્થળ વિજયનગર આવ્યો. આસો નવરાત્રમાં મેં લઘુ અનુષ્ઠાન ચાલુ કર્યું હતું. એક સવારે હું મહામંત્રની માળા કરતો હતો તે દરમ્યાન મને અંતરમાં પ્રેરણા થઈ કે મારે ગુરુદેવને મળવું. તે જ દિવસે બપોરે બાર વાગ્યે હું ' નીલોષા ' પર ગુરુદેવને મળવા ગયો. હું લાઈનમાં ઊભો હતો. મારો વારો આવતાં હું પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીના રૂમમાં ગયો. પૂ. ગુરુદેવને પ્રણામ કર્યા બાદ મા ગાયત્રીને પ્રણામ કરીને હું ગુરુજી સમક્ષ ખુરશીમાં બેઠો. ગુરુદેવે મને આવવાનું પ્રયોજન પૂછ્યું. તેમના મુખારવિંદ સામે જોતાં જ મને લાગ્યું કે હું મારી જનેતા સમક્ષ જ બેઠો છું. બાળક જેમ માને જોતાં જ રડી પડે તેમ હું ગુરુદેવને જોતાં જ મારી આંતરવેદનાને કારણે ધ્રૂસકે ધ્રૂસકે રડી પડયો. મારી આંખોમાંથી ચોધાર આંસુઓ વહેવા લાગ્યા. મારા રોમે રોમમાં ઝણઝણાટી થવા લાગી. ગુરુદેવે મને બે મિનિટ સુધી મન મૂકીને રડવા દીધો. ત્યાર બાદ પાણી મંગાવી મને પાણી પીવડાવ્યું. મને રડવાનું કારણ પૂછ્યું, પરંતુ મને ડૂમો ભરાઈ ગયો હતો. થોડીવાર બાદ મેં



Scanned by CamScanner

મારી નિમણૂકના સ્થળ અને મને પડતી મુશ્કેલીઓથી ગુરુદેવને વાકેફ કર્યા. ગુરુદેવે કહ્યું, 'થઈ જશે'. તેમના શબ્દો સાંભળી હું મારી આંતરવેદનાને શાતા આપવા મનમાં મહામંત્રનું રટણ કરવા લાગ્યો. થોડીવાર બાદ મેં ફરીથી ગુરુદેવને પૂછ્યું કે આ માટે મારે ફરીવાર આપને મળવા આવવું પડશે? ગુરુદેવે મને જણાવ્યું કે આ માટે ફરીવાર મળવા આવવાની જરૂર નથી.

બીજા દિવસે હું મારી નોકરીના સ્થળ વિજયનગર પરત ગયો. અનુષ્ઠાન પૂરું થયું. અનુષ્ઠાન પૂરું થયાના બે દિવસ પછી તિજોરી અધિકારી હિંમતનગર તરફથી મારા પર ફોન આવ્યો કે તમારી બદલી અમદાવાદ મુકામે થઈ છે. તિજોરી અધિકારી, હિંમતનગરના આ શબ્દો સાંભળી હું મનોમન પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીને વંદી રહ્યો. તા. ૧૬–૧૧–'૮૮ના રોજ હું અમદાવાદ મુકામે પેન્શન અને પ્રો. ફંડની કચેરીમાં હાજર થયો.

સરકારી નોકરીમાં બદલી માટે પાંચથી સાત વર્ષનાં વહાણાં વહેવડાવવા પડે છે, તેના બદલે પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીની કૃપાથી, મહામંત્ર ગાયત્રીના રટણથી નિમણૂકની તારીખથી ફક્ત બે જ માસમાં મારી બદલી અમદાવાદ મુકામે થઈ, તેને મા ગાયત્રી અને ગુરુદેવની પ્રસાદી જ ગણાવી જોઈએ.

□

Scanned by CamScanner

# આશીર્વાદરૂપ આપત્તિ

મનુષ્ય સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક પોતાના ઈષ્ટની કે મા ગાયત્રીની ઉપાસના કરે તેમ છતાં તેને પોતાના કર્મજનિત દેહાદિકનાં દુઃખદર્દો તો ભોગવવાં જ પડે છે. એ વેળા જ તેની સહનશક્તિ, ધીરજ, શ્રદ્ધા ને શરણાગતિની કસોટી પણ થાય છે. દુઃખદર્દોની પળોમાં માનવી સહનશક્તિ અને સંયમ દાખવે તે ઉચિત છે. ગમે ત્યારે પણ આકસ્મિકપણે તેના દુઃખદર્દોનો અન્ત તો આવે જ છે. દુઃખદર્દોના એ સમય પછી તેને રાહત તો થાય જ છે, પણ ક્યારેક ક્યારેક ઈશ્વરીય અનુભૂતિ પણ થાય છે.

શાસ્ત્રીજી માતાજીના આદેશથી સેવાનું કાર્ય કરી રહ્યા છે. માતાજી તરફથી લોકોનાં દુઃખદર્દો દૂર કરવા તેમને અવનવા સંકેતો પ્રાપ્ત થતા જ રહે છે, એટલું જ નહિ, શાસ્ત્રીજીના સાન્નિધ્યમાં આવનારને પણ પોતાના દુઃખદર્દો અંગે સંકેતો પ્રાપ્ત થતા રહે છે. વળી માતાજીની કૃપાની, તેના સ્વરૂપની ઝાંખી થાય છે. દર્શન થાય છે તો વળી માતાજી સ્વયં પોતાના ભક્તનાં દુઃખદર્દો અંગે શાસ્ત્રીજીને સંકેત આપે છે.

માનવીનાં દુઃખદર્દોની પળોમાં પણ ક્યારેક સ્વપ્નમાં માતાજીના સ્વરૂપની ઝાંખી થાય છે કે તેના સ્વરૂપનાં યથાતથ દર્શન થાય છે. એનો જે આનન્દ આવે છે તે અલૌકિક જ હોય છે. એ દર્શન પછી માનવીનાં દુઃખદર્દો તો ગાયબ જ થઈ જાય છે. અથવા એ સ્વરૂપની ઝાંખી દ્વારા સમસ્ત અસ્તિત્વમાં એક અનેરું બળ જન્મે છે, જેના દ્વારા દર્દમાંથી મુક્તિ મળે છે—રાહત મળે છે. માતાજીની અથવા પોતાના કોઈ પણ ઈષ્ટની શરણાગતિપૂર્વકની ઉપાસનાનું આ બહુ મોટું પરિણામ ને પરિમાણ છે. આધ્યાત્મિક રહસ્ય છે.

અત્રે આવો જ એક પ્રસંગ પ્રસ્તુત કર્યો છે.

ભરૂચના શ્રી જગદીશભાઈ જોશીને પોતાના શારીરિક દુઃખની અસહ્ય વેદનાના સમય દરમ્યાન માતાજીના સ્વરૂપનાં સ્વપ્નમાં જે દર્શન થયાં, માતાજીએ સ્વયં શાસ્ત્રીજીને જાણ કરવા કહ્યું અને તે પછી શાસ્ત્રીજીનાં સૂચનોથી જગદીશભાઈને પોતાના કમ્મરના દુખાવામાંથી જે રીતે ત્વરાથી મુક્તિ મળી તેની વિગતો વાચકો માટે પ્રેરક નીવડશે. એ અનુભવ જગદીશભાઈના શબ્દોમાં જ જોઈએ :

'મને ત્રણ–ચાર મહિનાથી કમ્મરથી જમણા આખા પગ સુધી ખૂબ જ દુખાવો થતો હતો. વાંકુ વળાતું નહોતું. સીધું જ બેસવું પડતું. ત્રણ મહિના તો વાંકો જ ચાલતો. સીધું–ટટ્ટાર થવાતું જ નહોતું. છતાં હું માતાજીને ને ગુરુદેવને ફરિયાદ ન કરતો. હું માત્ર સહનશક્તિ માગતો, જેથી હું મારી જવાબદારીનું કાર્ય કરી શકતો. તેમની કૃપાથી મેં bed-rest નથી લીધો. પથારીમાં પડી રહીને આરામ કરવો પડયો નથી. રાત્રે આખા દિવસના થાકથી દુખાવો ખૂબ વધતો ત્યારે પથારીમાં રડતો. ત્રણ મહિના તો ડાબા પડખે જ સૂવાતું. ચત્તા કે જમણી બાજુ સૂવાતું જ નહિ. તેથી થોડી થોડી વારે જાગી જવાતું. ત્રણ ડોક્ટરોએ ચાર ચાર વખત નવી નવી દવા બદલી, તો પણ દુખાવો વધતો જ જતો.

ગુરુદેવને મેં આ દુખાવાની વાત કરી હતી. હું જ તેમને કહેતો કે મટી જશે. આ પ્રમાણે સાડાત્રણ મહિનાની વેદના પછી ગુરુદેવનો આણંદમાં પ્રોગ્રામ હતો. હું ત્યાં જવાનો હતો. ત્રણેક દિવસ પહેલાં રાત્રે સૂતાં વેંત જ સ્વપ્ન આવ્યું. રાત્રે હું જમીન પર સૂતો હતો. તે રાત્રે સ્વપ્નમાં હું લોખંડના પલંગમાં સૂતો હતો. હંમેશ મુજબ ડાબે પડખે હતો. કોઈ એક ખુલ્લી જગામાં ઉપર



Scanned by CamScanner

આકાશમાંથી મારા પલંગની આજુબાજુ ચાર-ચાર ફૂટના અંતરે એક પ્રકાશનું વર્તુળ હતું. એની બહાર ચારે તરફ અંધારું હતું. અચાનક સામે અન્ધકારમાંથી યુવતીરૂપે માતાજી પ્રકાશના વર્તુળમાં પ્રગટયાં. ધીમે ધીમે મારી તરફ આવતાં ગયાં. હું તેમને ડાબે પડખેથી સૂતાં સૂતાં ટગરટગર જોતો રહ્યો. મારા પલંગની કિનારે આવી ઊભા રહી તેમણે મારા મસ્તકે હાથ મૂકી કહ્યું :

'તને બહુ દુ:ખે છે કેમ ?'

મેં ડોકું હલાવ્યું, પણ બોલી શકયો નહિ. તેઓ મારી તરફ પીઠ કરી પલંગની કિનારે બેસી ગયા. તેમનો હાથ મારા ગાલ પાસે ઓશિકા પર ટેકવાયો હતો. તેમના માથામાં વચ્ચે સેંથી હતી. ખૂબ જ લાંબા ખુલ્લા કેશ હતા. સિલ્કની બુટ્ટાવાળી ભવ્ય સાડી પરિધાન કરી હતી. પ્રકાશમય બુટ્ટા ચમકતા હતા. મારી આંખમાંથી ભાવથી અશ્રુ વહેવા લાગ્યા. આંખમાંથી ખૂબ જ પ્રમાણમાં અશ્રુ વહેવાથી ગાલ પરથી સરી જતાં તેમના હાથને અશ્રુનો સ્પર્શ થયો. સ્પર્શ થતાં જ તેઓ અચાનક ઊભા થઈ ગયા. તેમણે પોતાનો હાથ ઊંચો કરી હાથ પર લાગેલા અશ્રુ જોયા. પછી મારી તરફ ફર્યાં અને કહ્યું,

'તું રડે છે ? ચિંતા ન કર. તને બધું જ મટી જશે. હું હમણાં જ શાસ્ત્રીજી પાસે જાઉં છું. તારી બધી વાત કરીશ...'અને ધીમે પગલે તેઓ પ્રકાશના વર્તુળમાંથી અન્ધકારમાં અંતર્ધ્યાન થઈ ગયાં. સ્વપ્ન પૂરું થઈ ગયું.

ત્રણ દિવસ પછી હું આણંદ ગુરુદેવ પાસે ગયો. મને ગુરુદેવે સામેથી પૂછ્યું, 'જગદીશ ! તને બહુ દુખાવો થાય છે ? હજી નથી મટયું ? તું થોડી વાર પછી ફરીવાર મારી પાસે આવીને જજે.' અડધોએક કલાક પછી હું ફરી ગુરુદેવ પાસે ગયો. તેમણે કહ્યું, પા ચમચી સૂંઠ એક કપ દૂધમાં નાખી તારી જરૂર પ્રમાણે ખાંડ નાખી ગરમ કરી રોજ પી. મટી જશે.' અને મને દુખાવાની જગા પર ત્રણ વાર હાથ ફેરવી આપ્યો.

તે રાત્રે હું સૂઈ ગયો. ત્રણ મહિનાથી હું ડાબે પડખે સૂતો હતો. તેને બદલે જમણા પડખે સૂતેલો ઊઠયો. ત્રણ મહિનાથી સવારે ઊઠતો ત્યારે પુષ્કળ દુખાવો થતો. કમ્મરથી વાંકો વળીને ચાલતો. એને બદલે ઊઠતાંની સાથે જ હું ઘરમાં ટટ્ટાર ચાલ્યો. સવારનું કાર્ય પરવારી ઘરની સામે આવેલ શિવાલયમાં દર્શન કરી મારા ક્રમ મુજબ ઘરની બહાર નીકળ્યો, ત્યારે હું ટટ્ટાર ચાલતો હતો. દુ:ખાવો બિલકુલ નહોતો. તે દિવસથી દુખાવો બિલકુલ મટી ગયો.

મારી દૃષ્ટિએ મારો આ દુખાવો મારે માટે આશીર્વાદરૂપ હતો કે જેને પરિણામે મને માતાજીનાં દર્શન કરવા મળ્યાં. ભક્તિનું એક નવું જ પરિમાણ ને પરિણામ અનુભવવા મળ્યું.

ઘણીવાર આપત્તિઓ માનવીના જીવનમાં આશીર્વાદ લઈને આવે છે. દર્દો એક નવા જ પરિમાણનાં દર્શન કરાવે છે. આથી આપણી મુશ્કેલીઓ-દર્દો અંગે ગુરુદેવ-માતાજી સમક્ષ રજૂઆત અવશ્ય કરીએ, એમાં સુધારો-વધારો થતાં એ અંગે વાકેફ પણ જરૂર કરીએ, પણ વારંવાર એ અંગેની ફરિયાદ કરવી ઉચિત નથી. મુશ્કેલીઓ દૂર થવાનો સમય આવતાં આપોઆપ જ દૂર થઈ જાય છે.

ગુરુદેવનું સ્પષ્ટ મન્તવ્ય છે કે ભૌતિક સફળતા-નિષ્ફળતાને ઉપાસના સાથે કોઈ સંબંધ નથી. દરેકે પોતે કરેલાં કર્મોનાં ફળ તો ભોગવવાં જ પડે છે. સુખમાં છકી જવું અને દુ:ખમાં હિંમત ન હારવી એ ઉપાસક માટે જરૂરી છે.

☐



Scanned by CamScanner

# દિવ્યપુરુષનાં દર્શન

૧૯૭૬ ના ફેબ્રુઆરીની ૨૮ મી તારીખ – રાધેશ્યામ પોતાની રૂમમાં ઘસઘસાટ ઊંઘતો હતો. દિવસ આખાનો પરિશ્રમ અને વળી ઠંડી રાત બરાબરની જામી હતી, ત્યાં બારણે ટકોરા પડયા. ખૂબ વાર સુધી ખખડયા પછી રાધેશ્યામે દરવાજો ખોલ્યો તો સામે જ એના એક પરિચિત અને સંબંધી ભાઈ ઊભા હતા. સામાન્ય રીતે તેઓ રાધેશ્યામને ત્યાં આવતા નહિ.

એમનું આ પહેલી જ વારનું આગમન અને તે ય મધરાતે – આવી ઠંડીમાં ! રાધેશ્યામની આંખો વિસ્મયથી પહોળી થઈ ગઈ. એણે ઉતાવળે જ પૂછ્યું, 'કેમ કંઈ ?'

'તમારો કોલ છે, વતનમાંથી...' ગંભીર સ્વરે એ સંબંધી આટલું જ બોલ્યા. એટલે અમંગળની આશંકાથી રાધેશ્યામનું દિલ ધ્રૂજી ઊઠયું. ખભે ગરમ શાલ નાંખી એ પેલા સંબંધીની પાછળ થયો. ધ્રૂજતે હાથે એણે રીસવર પકડયું. સામે છેડે એના બાપુજી હતા. એમણે ખૂબ સંયત સ્વરે આટલું જ કહ્યું. 'ભાઈ તારાં બાની તબિયત સારી નથી. તું અને વહુ તાબડતોબ ઘેર આવી જાઓ.' માંડ માંડ એ ઘર સુધી પહોંચ્યો અને બારણામાં રાહ જોઈ ઊભેલી ચિંતાતુર પત્નીને એણે કહ્યું :

'બાની તબિયત ખૂબ ખરાબ છે. બાપુજીનો કોલ હતો. આપણે હમણાં જ ઉપડી જઈએ. તું જરા ચીજવસ્તુઓ લેવા જેવી હોય તે તૈયાર કર. હું જીપ બોલાવીને આવું છું.'

સમજદાર પત્ની રાધેશ્યામની વેદના અને ચિંતા સમજી શકતી હતી. એકવારના ખાનદાન ખોરડાને એના દુઃખના દિવસોમાં કોઈએ ટકાવી રાખ્યું હોય તો તે રાધેશ્યામની જાજરમાન માતાએ. સદાય હસતું મોં રાખી એણે કપરા કાળ સામે ઝીંક ઝીલી હતી. રાધેશ્યામના પિતા તો ભગવાનનું માણસ હતા. બદલાતા સમયના જોશભેર પલટાતાં વહેણો સામે એમનો જૂનવાણી રસમનો ધંધો ટકી ન શકયો ત્યારે ઘરની જાહોજલાલીનાં વળતાં પાણી થવા માંડયાં હતાં. સમયનાં એંધાણ પારખી ગંગાબાએ સંતાનોને શિક્ષણ લેવા તરફ પ્રેર્યાં હતાં. રાધેશ્યામ સૌથી મોટો હતો. ગંગાબાની કાળજી અને જહેમતથી એ આટલું શિક્ષણ પામ્યો હતો અને એ શિક્ષણને પ્રતાપે જ આવડા મોટા શહેરમાં સ્પર્ધાની ભીંસ વચ્ચે ય સારું સ્થાન પામ્યો હતો. માતાની માંદગી રાધેશ્યામને વિચલિત કરી મૂકે એ વાત એની શાણી પત્ની જરૂર સમજે તેમ હતી. શકય તેટલી ઝડપે તેઓ માદરે વતન આવી પહોંચ્યાં.

ઘરમાં પ્રવેશ્યાં ત્યારે સગાંવહાલાંઓનો વિશાળ જમેલો ગંગાબાના ખાટલાને વીંટળાઈ વળ્યો હતો. ગંગાબા જોરજોરથી ચીસો નાખતા હતા. એમને છાતીમાં ખૂબ જ ગભરામણ થતી હતી. શ્વાસ રૂંધાઈ જતો હતો, જીવ ગૂંગળાતો હતો, પણ નીકળી યે જતો નહોતો કે કળ પણ નહોતો વળવા દેતો. આસપાસ ખડે પગે ઊભેલા સૌ સ્નેહીઓ સાવ નિરાધાર હતા.

ગામના બે બે ડૉકટરોની સારવાર ચાલતી હતી, પરંતુ દર્દ ઘટતું નહોતું, વધ્યે જતું હતું. અને આજે એ ખૂબ જ વધી ગયું હતું. તેથી જ રાધેશ્યામને કોલ કરી તેડાવવામાં આવ્યો હતો. તબીબી ઉપચારો ઉપરાંત સગાસંબંધીઓએ સૂચવેલા ઘરગથ્થુ ઉપાયો પણ સતત અજમાવવામાં આવ્યા હતા. વળી કુટુંબ પહેલેથી ગાયત્રી ઉપાસક એટલે પિતાજીએ માતાજીનું શરણું પણ શોધ્યું હતું. રાધેશ્યામના



Scanned by CamScanner

પિતા સતત ગાયત્રી મંત્રનો જપ કરતા ત્યારે ઘડીક રાહત થતી. પણ પછી પાછું એનું એ. પિતાએ ગાયત્રી મંત્રનું રટણ વધાર્યું ત્યારે તકલીફ થોડી ઘટેલી, પણ એકાંતરે તો આવી ગભરામણ અચૂક ઉપડતી.

રાધેશ્યામ બાના ખાટલા પર બેસી પડ્યો. આંખમાં ધસી આવતાં આંસુઓને બેળેબેળે રોકી એણે સૌ સંબંધીઓને આશ્વાસન આપવા માંડ્યું. એના સ્વરમાં દૃઢતા હતી. અને એ દૃઢતા પાછળનું કારણ એ એકલો જ જાણતો હતો. આમેય એને પોતાના પિતાના સંસ્કારને કારણે મા ગાયત્રી ઉપર અપાર શ્રદ્ધા હતી, તેમાં એણે શાસ્ત્રીજીની અનેક વાતો સાંભળી હતી, પોતે પણ શાસ્ત્રીજીને મળી પોતાની વહાલસોયી માતા માટે માતાજીની કૃપા યાચશે એમ એણે નક્કી કરી લીધું હતું. મા અચૂક શુભ પરિણામ આપશે એવી શ્રદ્ધાને જોરે અત્યારે એ સૌને આશ્વાસન આપી રહ્યો હતો.

સવારે બાને કાંઈક ઠીક લાગતાં રાધેશ્યામે ફરી અમદાવાદની ગાડી પકડી. શાસ્ત્રીજીનું સરનામું મેળવી તેમનો સંપર્ક સાધ્યો. પોતાની માતાની માંદગીની વિગતો આપતા રાધેશ્યામની આંખોમાં માતાની મમતાને કારણે દર્દ હતું તો બીજી બાજુ મા ગાયત્રી ઉપરની આસ્થાને કારણે કોઈ અજબ એહસાસની લાગણી પણ એમાં તરવરતી દેખાતી હતી.

શાસ્ત્રીજીએ રાધેશ્યામને આશ્વાસન આપતાં કહ્યું, 'ભાઈ, હું તમારી માતા માટે પ્રાર્થના કરીશ. મને ખાતરી છે કે તમારી માતૃભક્તિ જોઈ મા ગાયત્રી તમારી બાને ઘણી રાહત કરી દેશે. તમે જળ લઈ જાવ. તમારી બાને રોજ સવારે એ આપજો. તેનાથી એમને સંપૂર્ણ ફાયદો થઈ જશે.'

જળ લઈને રાધેશ્યામે લગભગ દોટ મૂકી. અભિમંત્રિત જળ પોતાની માતાને પહોંચાડવાની ઉતાવળ હતી. ઘરના આંગણામાં જ ગંગાબાને બેઠેલાં જોયાં. હજુ પરમ દિવસે રાત્રે તો જાણે બાના છેલ્લા શ્વાસ હતા અને આજે આ શું?

શ્વાસભેર ધસી આવતા રાધેશ્યામને આવકારી બાએ એની સાથે જ ઘરમાં પ્રવેશ કર્યો. ઘરમાં મુખ્ય ખંડમાં પિતાજી હિંચકા પર બેઠા હતા.

અવાચક બની પોતાની સામે એકીટશે તાકી રહેલા રાધેશ્યામ સામે પાણીનો પ્યાલો ધરતાં ગંગાબાએ કહ્યું, 'બેટા, બેસ તો ખરો, તને બધી વાત માંડીને કરું છું.' રાધેશ્યામ હિંચકે બેઠો અને થેલીમાંથી જળની શીશી કાઢી.

ગંગાબાએ રાધેશ્યામને કહ્યું, 'બેટા, તું ગયો એ જ રાત્રે મને એક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં કોઈ દિવ્યપુરુષ પધાર્યા હતા. તેમણે મને કહ્યું, તમને કોઈ બિમારી નથી. ગંગાબા, તમને એકદમ સારું થઈ જશે. આટલું કહી તેમણે મારા માથા પર હાથ ફેરવ્યો ને પછી આખા શરીરે અડક્યા વિના હાથ ફેરવ્યો. હું તો કોણ જાણે પછી ક્યારે ઊંઘી ગઈ એની મને ખબર જ ન પડી. પણ સવારે જાગી ત્યારે મને છાતીમાં લગીરે ગભરામણ થતી નહોતી. જાણે મને કંઈ જ થયું નથી. ઊઠીને ઓસરીમાં ગઈ તો સામે સૂર્યનારાયણનાં દર્શન થયાં.'

ભાવવિભોર બની ગયેલો ગંગાબાનો સ્વર રાધેશ્યામની રગેરગમાં કોઈ અપૂર્વ ઝણઝણાટી જગાડી રહ્યો. એણે બાને ખભે હાથ મૂકી પૂછ્યું, 'બા, એ દિવ્યપુરુષ કેવા હતા?' બાની આંખોમાં ફરી ચમક ઊભરાઈ આવી. એમણે સામે જાણે કોઈ છબી જોતાં હોય એમ ભીંત તરફ તાકી વર્ણન કરવા માંડ્યું. બાના શબ્દોને એકધ્યાને સાંભળી રહેલા રાધેશ્યામના આશ્ચર્યને કોઈ અવધિ નહોતી. આ વર્ણન તો

શાસ્ત્રીજીનું હતું. એ ગૌરવર્ણ, પુષ્ટ દેહ, આર્દ્ર અને સ્વપ્નિલ આંખો, ચમકતો ભાલપ્રદેશ...બા અને આવું બધું વર્ણન તો શાસ્ત્રીજીને જ બંધબેસતું થતું હતું. તો પછી ?

રાધેશ્યામની આંખોમાંથી અશ્રુધારા વહેવા લાગી. એણે કહ્યું, 'બા, તું ખૂબ ભાગ્યશાળી છે. મા ગાયત્રીએ જ તારી પર કૃપા કરી.' પછી પાસે ઊભેલા પિતા તરફ ફરી રાધેશ્યામે પૂછ્યું, 'બાપુજી, આપની નિષ્ઠા પણ ફળી.' પછી હાથમાંની જળની શીશી ગંગાબાને આપતાં રાધેશ્યામે કહ્યું, 'બા, આ જળ રોજ સવારે એક એક ચમચી લેજો. આધિ, વ્યાધિ, ઉપાધિ સૌ ટળી જશે. સ્વપ્નમાં તને જેણે દર્શન આપ્યાં એ જ તેજસ્વી પુરુષે આ જળ તારે માટે આપ્યું છે.'

બાએ જળની શીશી લઈ, થોડા જળનું આચમન કર્યું અને પછી શીશી પૂજાના ગોખલામાં ઠેકાણે મૂકી દીધી. ગંગાબા હવે નિયમિત ગાયત્રી મંત્રનું રટણ કરે છે અને ત્યાર પછી એકે ય વાર એમને પેલી જૂની ગભરામણનો હુમલો થયો નથી.

□

# કરદર્શન

શાસ્ત્રીજી

સંસ્કૃત સાહિત્યમાં અનેક સ્તોત્રો, શ્લોકો, સુભાષિતો રચાયાં છે, જેમાં અનેક દેવ-દેવીઓની પ્રાર્થના, સ્તુતિ, માહાત્મ્ય ઉપરાંત વિભિન્ન આધ્યાત્મિક રહસ્યો, ફિલસૂફી, તત્ત્વજ્ઞાન વગેરે રજૂ થયેલાં હોય છે. અત્રે અહીં એક એવા જ શ્લોક અંગે થોડીક વિશદતા રજૂ કરવાનો ઉપક્રમ સ્વીકાર્યો છે. એ શ્લોક છે :

કરાગ્રે વસતે લક્ષ્મી, કરમૂલે સરસ્વતી।
કરમધ્યે સ્થિતો ગોવિન્દમ્, પ્રભાતે કરદર્શનમ્ ॥

સવારમાં ઊઠતાં વેંત બે હાથનાં દર્શન કરી આ શ્લોક ઘણા ઉચ્ચારે છે.

કર એટલે કે હાથના આગળના ભાગમાં લક્ષ્મી વસે છે, હાથના મૂળ ભાગમાં એટલે કે કાંડામાં સરસ્વતીનો વાસ છે અને હાથના મધ્યભાગમાં ગોવિન્દ બિરાજે છે. માટે સવારના પહોરમાં ઊઠતાં વેંત લક્ષ્મી, ગોવિન્દ ને સરસ્વતીનું દર્શન કરવા 'કરદર્શન' કરવું. એ રીતે પ્રભાતે કરદર્શન કરીને મનુષ્ય પુરુષાર્થ તરફ વળે છે અને આખો દિવસ સતત શરીર અને મનથી વ્યસ્ત રહે છે.

મનુષ્યનો હાથ પુરુષાર્થનો પ્રતીક છે. મનુષ્ય પુરુષાર્થ દ્વારા લક્ષ્મી અને સરસ્વતી એટલે કે ધન અને વિદ્યા પ્રાપ્ત કરી શકે છે. અથવા ધન અને વિદ્યાપ્રાપ્તિ અર્થે મનુષ્યનો પુરુષાર્થ હોવો જરૂરી છે એમ કહી શકાય. મનુષ્ય પુરુષાર્થના બળે ધારે તે કરી શકે છે અને એ પુરુષાર્થ પર ગોવિન્દનો-ભગવાનનો અનુગ્રહ-કૃપા અવશ્ય ઊતરે છે.

મનુષ્યના પુરુષાર્થની પાછળ પ્રેરણાબળ, ઈચ્છાશક્તિ, સંકલ્પબળ રહેલાં હોય છે. મનુષ્ય પોતાના જીવનવ્યવહારનાં કાર્યો સંપન્ન કરવા, પરિપૂર્ણ કરવા સિદ્ધ કરવાની ઈચ્છા ધરાવે છે, એ સિદ્ધ કરવાનો સંકલ્પ કરે છે. એ ઈચ્છાસંકલ્પની પરિપૂર્તિ અર્થે પુરુષાર્થ તરફ વળે છે.

એવો જ એક બીજો શ્લોક પણ યાદ આવે છે :

ઉદ્યમેન હિ સિધ્ધ્યન્તિ કાર્યાણિ,
ન હિ મનોરથેન।

ઉદ્યમથી જ કાર્યો સિદ્ધ થાય છે, નહિ કે મનોરથોથી. માત્ર મનોરથો સેવવાથી કાર્યો સિદ્ધ થતાં નથી. પુરુષાર્થ વિના ધન પણ નથી મળતું.

કેટલાક કહે છે કે નસીબમાં હોય તો પૈસો મળે. પણ નસીબ-ભાગ્ય-પ્રારબ્ધ પણ મનુષ્યના પુરુષાર્થ વડે જ નિર્માણ થાય છે. પુરુષાર્થ કરો તો વધતું કે ઓછું ધન અવશ્ય મળે છે એટલું જ નહિ નસીબ અંગે આવી મળેલા ધનના સંવર્ધન-જતન પોષણ માટે પણ પુરુષાર્થ તો જરૂરી છે. પ્રારબ્ધ-વશાત્ આવી મળેલા કરોડો, અબજો રૂપિયા પણ પુરુષાર્થ વિના નાશ પામે છે.

સરસ્વતી-વિદ્યાની પ્રાપ્તિ માટે પણ પુરુષાર્થ જરૂરી છે. પોતાની વિદ્વત્તાની અભિવૃદ્ધિ માટે, તેના જતન માટે અધ્યયન જરૂરી છે, અન્યથા તે ક્ષય પામે છે. એટલું જ નહિ, વિદ્યા વહેંચવાથી વધે છે. વિદ્યા વેચાય નહિ. વિદ્યાનું દાન જ ઉચિત છે.



Scanned by CamScanner

પ્રારબ્ધથી કે પુરુષાર્થથી માનવી જ્યારે સરસ્વતી અને લક્ષ્મીની પ્રાપ્તિ કરે છે ત્યાં તેનામાં અહંકાર આવી જાય છે. આથી અહંકાર ન આવે તે માટે મનુષ્યે સતત ગોવિન્દને-ભગવાનને, યાદ કરવાના છે. લક્ષ્મી અને સરસ્વતી માતા છે. શક્તિ સ્વરૂપ છે. એની નમ્રતાથી આરાધના કરવાની હોય.

વિદ્યા અને ધનનો યથોચિત, પોતાની જરૂરિયાત પ્રમાણે, મર્યાદામાં રહીને પોતાના, કુટુંબના, સમાજના કલ્યાણ અર્થે વિનિયોગ થવો ઘટે. તો જ ઈશ્વરનો અનુગ્રહ મેળવી શકાય છે.

લક્ષ્મી અને સરસ્વતીની સમતુલા અર્થે ગોવિન્દે હાથના મધ્યભાગે સ્થાન લીધું છે. જેથી કરીને લક્ષ્મી અને સરસ્વતીના મદમાં મનુષ્ય છકી નહિ જાય. બન્નેનું સરખું પ્રવર્તન અને યથોચિત વિનિયોગ રહે. લક્ષ્મી અને સરસ્વતીની વચ્ચે ગોવિન્દની આણ પ્રવર્તતી હોવાથી કોઈ અનિષ્ટ સર્જાઈ શકતું નથી. લક્ષ્મી અને સરસ્વતીની ઉછળતી છોળોમાં પણ મનુષ્યે ઈશ્વરને ભૂલવા ન જોઈએ. ઈશ્વરના અનુગ્રહથી જ લક્ષ્મી અને સરસ્વતીની પ્રાપ્તિ થાય છે.

એ રીતે ઈશ્વર મનુષ્યના જીવનનું ઘડતર કરે છે અને શ્રી અને સમૃદ્ધિની છોળો ઉડાડે છે; એટલું જ નહિ, એ છોળોની વચ્ચે પણ મનુષ્યને ધીરગંભીર, સ્વસ્થ અને વિવેકશીલ બનાવે છે.

આમ સવારમાં પથારીમાંથી ઊઠતાંવેંત લક્ષ્મી, સરસ્વતી અને ગોવિન્દનું દર્શન મનુષ્ય માટે કલ્યાણકારી સાબિત થાય છે. લક્ષ્મી અને સરસ્વતીની સહાયથી, ગોવિન્દની પ્રેરણાથી મનુષ્ય સત્કર્મો કરવા પ્રેરાય છે. સવારમાં ઊઠી પથારી છોડતાં પહેલાં ભગવાનને પ્રાર્થના કરવાની રહે કે અમારી મતિ નિર્મળ રાખજો. વાણી હંમેશ સત્યને વરેલી રહે. વાણીમાં સત્યનું પ્રવર્તન રહે. સાત્ત્વિક કાર્યોની પ્રેરણા પ્રાપ્ત થાય, પોતાનો સમગ્ર જીવનવ્યવહાર લક્ષ્મીદેવીની કૃપાથી ચાલતો રહે એવી પ્રાર્થના કરવાની હોય. ભગવાનની કૃપા અને સત્કર્મોની પ્રેરણામાં જ મનુષ્યની સર્વ મહામૂલી સંપત્તિ સમાયેલી છે. એટલું જ નહિ, નીતિ અને પ્રમાણિકતાથી જ લક્ષ્મીની પ્રાપ્તિ કરવાની પ્રેરણા મળે, વાણીમાં સરસ્વતીનો વાસ રહે અને જીવનમાં ઈશ્વરનો અનુગ્રહ અને પ્રેરણા સદા પ્રાપ્ત થતાં રહે તેવી અન્તરની અભ્યર્થના હોઈ શકે. જેના દ્વારા જીવન સમૃદ્ધ અને સંતોષી બની શકે એવું કરદર્શન મનુષ્ય માટે કલ્યાણકારી અને આવશ્યક લાગે છે.

ભગવાને મનુષ્યને જન્મ સાથે જ હાથ આપ્યો છે. શરીરના દરેક અંગનું આગવું મહત્વ છે. તેનો સાત્ત્વિક અને શ્રેયાર્થે વિનિયોગ થવો જરૂરી છે. એમાં મનુષ્યના પૂર્વના સંસ્કારો પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. આથી આગલા જન્મ માટે કર્મો સંચિત કરવા પણ સાત્ત્વિક અને સન્માર્ગે શરીરનો-અંગોનો વિનિયોગ થવો જરૂરી છે. એટલે જન્મ ધારણ કર્યા પછી સાત્ત્વિક વાતાવરણનું આવરણ હોય ને પૂર્વના કર્મનો સંસ્કાર હોય તો સાત્ત્વિકતા તરફ મનુષ્ય ઢળે છે. વ્યક્તિના સંસ્કાર અને વાતાવરણ અસાત્ત્વિક ને આસુરીવૃત્તિ વાળાં હોય તો હાથમાં લક્ષ્મી, સરસ્વતી ને ગોવિન્દ હોવા છતાં તેનો યથોચિત વિનિયોગ થઈ શકતો નથી, જેનું આપણે ધ્યાન રાખવું જરૂરી છે. આપણા સમાજની મોટા ભાગની અસમતુલા-અરાજકતા મનુષ્યની અસાત્ત્વિક ને આસુરી વૃત્તિને લીધે જ બને છે.

આથી વ્યક્તિના-સમાજના શ્રેયાર્થે જ આ શ્લોક રચાયો હશે. મનુષ્ય સવારમાં પથારીમાંથી ઊઠતાં જ લક્ષ્મી અને સરસ્વતીની પ્રાપ્તિ અર્થે ગોવિંદને-ઈશ્વરને યાદ કરે. લક્ષ્મી અને સરસ્વતીની પ્રાપ્તિ પછી તેના સમતોલન માટે ઈશ્વરને પ્રાર્થના કરે. ઈશ્વરની સ્મૃતિને સતત સતેજ રાખવા આ શ્લોક રચાયો હશે.

❑



Scanned by CamScanner

# જ્ઞાનગોષ્ઠિ

પ્ર૦ : ઉપાસક ભાઈબ્હેનોને ક્યારેક સુવાસનો અનુભવ થાય છે. વાતાવરણમાં ઘરમાં, પૂજારૂમમાં, ઑફિસમાં, મુસાફરીમાં કે અન્ય કોઈપણ સ્થળે અને પરિસ્થિતિમાં વિવિધ સુવાસની એક મીઠી લહેરખી કે સુવાસનો ધોધ અનુભવાય છે. આવું કેવી રીતે બને?

ઉ૦ : ઉપાસક ભાઈબ્હેનો કે જેઓ સંપૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી ગાયત્રી મંત્રજાપને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લે છે ત્યારે તેમના આત્માનું, અંતરચેતનાનું પોષણ થાય છે તેમની અંતરચેતના જાગૃત થાય છે. અંતરબાહ્ય વાયુમંડળની મલિનતા દૂર થઇ સાત્ત્વિક આંદોલનોનું વાયુમંડળ રચાઈ જાય છે. આવા અનન્ય ઉપાસકોનું વ્યક્તિત્વ અને આચરણ પણ દૈવી સંપત જેવા સાત્ત્વિક ગુણો તરફ ઢળે છે. જ્યારે જ્યારે સભાન કે અભાન અવસ્થામાં મા ગાયત્રીનું, ગુરુદેવનું કે મંત્રજાપનું સ્મરણ કે રટણ ચાલુ થઈ જાય છે અને તેના આંદોલનો સાત્ત્વિક વાયુમંડળ સાથે આંદોલિત થાય છે ત્યારે ત્યારે ઝંકૃત થયેલ વાયુમંડળમાંથી વિવિધ સુવાસની લહેરખીઓ કે સુવાસનો ધોધ તેમના વાયુમંડળમાં વહેતો થઈ જાય છે.

ઘણી વખત આવી સુવાસનો અનુભવ તે જ જગ્યાએ ઉપસ્થિત અન્ય વ્યક્તિઓમાંથી અમુકને જ થાય અને બધાને ન પણ થાય. આની સ્પષ્ટતા તો એવી રીતે કરી શકાય કે આપણું શરીર એક ખેતર છે. ખેતરમાં ખેડાણ કરી, સારું પૌષ્ટિક ખાતર આવે, સાત્ત્વિક બિયારણ વાવવામાં આવે અને યોગ્ય રીતે પાણીનું સિંચન કરવામાં આવે તેમજ સાનુકૂળ હવામાન મળે તો જ સો ટકા ફળદ્રુપ પાક ઊપજે. આપણા શરીરનું સાત્ત્વિક વાણી, વર્તન, વ્યવહારથી ખેડાણ કરવું પડે. સત્સંગ અને ગાયત્રી મંત્રજાપના ખાતરથી તેને પુષ્ટ કરવું પડે. દૈવી ગુણોથી સિંચન કરવું પડે. સાત્ત્વિક આદર્શોને વાવવા પડે. આ બધું એકત્ર થાય એટલે આગળપાછળનું સાનુકૂળ વાતાવરણ એની જાતે જ આવી મળે. અને પછી એનાં ફળ પણ મીઠાં અને સાત્ત્વિક જ હોય ને! આવી સાત્ત્વિક ભૂમિકાવાળી વ્યક્તિઓને સુવાસની સાથે સાથે બીજા પણ ઘણા અનુભવો થાય છે જેવા કે —

(૧) અનોખું દિવ્ય વ્યક્તિત્વ ઉપસી આવે.
(૨) અગોચર સંકેત મળતા રહે.
(૩) આકસ્મિક ગેબી સહાય મળતી રહે.
(૪) આકસ્મિક ગેબી બચાવ થઈ જાય.
(૫) પરમાત્માના સગુણ કે નિર્ગુણ સ્વરૂપમાં દર્શન થાય.
(૬) પરમાત્માની – મા ગાયત્રીની પ્રત્યક્ષ હાજરીનો અનુભવ થાય.
(૭) પરમાત્માનો સાક્ષાત્કાર થાય.

આવા અનુભવો થવાની શરૂઆત થાય કે થતા રહે તો તેટલાથી સંતોષ માનીને બેસી રહેવું જોઈએ નહિ. આ તો ઉપાસનાના પંથે શરૂઆતની પા પા પગલીઓ છે. સ્વસ્થ અને સ્વતંત્ર રીતે ચાલવા માટે, ઊંચાં ચઢાણો ચઢવા માટે, પરમાત્માની સૃષ્ટિને પિછાનવા માટે આપણે પ્રયત્ન જારી રાખવો પડે.

□



Scanned by CamScanner

# અકસ્માતમાં ગેબી બચાવ

જીવનનો પ્રવાહ એકધારો વહ્યે તો જાય છે, પણ એમાં આકસ્મિક ક્યારેક ક્યારેક અવરોધો આવી જાય છે ત્યારે જીવનનો પ્રવાહ જાણે સ્થગિત થઈ જતો હોય એમ લાગે છે. ક્યારેક ક્યારેક જીવનમાં અણધારી આપત્તિઓ, મૂંઝવણો, મુશ્કેલીઓ, નાની મોટી સમસ્યાઓ કોઈક હિંસક પ્રાણીની જેમ આપણી પર હુમલો કરે છે ને એનાથી આપણે ઘાયલ થઈ જઈએ છીએ તો ક્યારેક જીવનમાં એવા નાના–મોટા અકસ્માતો સર્જાય છે કે લાગે છે કે જાણે મોતના મુખમાંથી પાછા આવ્યા.

વ્યક્તિને જો પોતાના ઈષ્ટનું સ્મરણ હોય, પોતાના ઈષ્ટની તે ઉપાસના કરતો હોય તો તેના જીવનનો પ્રવાહ ગમે તેવા અવરોધોને પાર કરી જવામાં સફળ થાય છે, હિંસક પ્રાણી જેવી આપત્તિઓના અણધાર્યા હુમલા સામે તે ટક્કર ઝીલવા જેટલી સાવધાની સતર્કતા તે કેળવી શકે છે, એટલું જ નહિ, આકસ્મિક સર્જાતા અકસ્માતોમાં ઉપાસકના પ્રાણનું રક્ષણ થાય છે.

પરન્તુ આ બધા માટે શ્રદ્ધા અને શરણાગતિની જરૂર છે. મનુષ્યને પરમતત્ત્વનો પરિચય ને પ્રતીતિ થવાં પણ ઈશ્વરીય કૃપાની વાત છે, તેનામાં શ્રદ્ધા અને શરણાગતિ ઉદ્‌ભવવાં તે પણ તેની જ કૃપાની વાત છે, પણ એ બધા માટે મનુષ્યની તત્પરતા પણ હોવી જોઈએ. શ્રદ્ધા અને શરણાગતિ પણ સહજતા ને સરળતાથી આવતાં નથી. એ માટે પણ તપશ્ચર્યા કરવી પડે છે, સતત મથવું પડે છે, ગમે તે સંજોગોમાં પણ તેને વળગી રહેવું પડે છે. મનુષ્ય જ્યારે ઉપાસનાને, પોતાના ઈષ્ટના સ્મરણને સતત વળગી રહે છે ત્યારે જ તે પરમતત્ત્વની કૃપાની અવનવી અનુભૂતિઓ કરી શકે છે, તેની શરણાગતિ સ્વીકારી શકે છે, તેનામાં શ્રદ્ધા–વિશ્વાસ મૂકી શકે છે. આ ભગવાન અને ભક્ત વચ્ચેના ભાવના આદાનપ્રદાનની પ્રક્રિયા છે. ભગવાનને ભક્તનો પરસ્પરનો સંબંધ છે. ઈશ્વર તો એના શરણાગતની રક્ષા કરે જ છે પણ મનુષ્યે–ઉપાસકે પણ તેના પરત્વે પોતાના પ્રેમની પ્રતીતિ કરાવવી પડે છે, કરાવવી જરૂરી છે.

પ્રેમના આદાનપ્રદાન પર નિર્ભર બનેલો ભગવાન ને ભક્તનો સંબંધ કલ્યાણકારી નીવડી શકે છે એ નિઃશંક છે.

ગાયત્રી–ઉપાસના એ પરમતત્ત્વની ઉપાસના છે. ગાયત્રી–મંત્રના જપથી મનુષ્યના પ્રાણની પણ રક્ષા થાય છે ને શક્તિસ્વરૂપ વેદમાતા સમક્ષ મનુષ્ય સ્વાભાવિકપણે જ બાળભાવે ઊભો રહી જાય છે. એ શક્તિ સમક્ષ આપોઆપ જ નમી જવાય છે.

અત્રે આવો જ એક પ્રસંગ રજૂ કર્યો છે:

અમદાવાદના કૈલાસભાઈ દરજીએ પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે,

પરમતત્ત્વની શક્તિ, મા ગાયત્રીની ઉપાસના મનુષ્યના જીવનમાં અનેક અણધાર્યા પ્રસંગોમાં, અનેક સંકટોમાંથી છુટકારો મેળવવામાં સહાયરૂપ થાય છે. મા–બાળકનો સંબંધ કેળવી, શ્રદ્ધા અને શરણાગતિથી, ઈષ્ટની ઉપાસના કરવાથી અકલ્પેલ અનુભવો અને સહાયતા મળી રહે છે. પોતાના બાળકની કઈ ઇચ્છા છે તે 'મા'થી ઈષ્ટથી અજાણ નથી હોતું. પરંતુ તે માટે શ્રદ્ધા અને શરણાગતિની આશ જરૂરિયાત છે. શ્રદ્ધા અને શરણાગતિ એક જ દિવસમાં પ્રાપ્ત થતી નથી. એ માટે તો અવિરત, અતૂટ ઉપાસનાની જરૂર છે.



Scanned by CamScanner

પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીની શરણાગતિથી કરેલ ઉપાસનાથી મારા જીવનમાં અનેક અનુભવો થયા છે, તેમાંથી એક અત્રે રજૂ કરું છું.

તા. ૧૬-૯-૯૦ ના રોજ સવારે ૮ વાગ્યે મારા પૂજાના નિત્યકાર્યથી પરવારી એક ઠેકાણે દર રવિવારે થતા ગાયત્રી યજ્ઞમાં જવા માટે તૈયાર થયો. પૂ. ગુરુદેવ તેમ જ મહામંત્ર ગાયત્રીનું પાંચ વાર રટણ કરીને હું મારા નાના બાબા સાથે સાઈડ કાર સાથેના સ્કુટરમાં બેસીને યજ્ઞના સ્થળે ગયો. ગાયત્રી-મહામંત્રની ૧૧ મંત્રની આહુતિ આપ્યા બાદ મારા બાબાએ તેની મમ્મી પાસે જવાની રઢ લીધી અને રડવા લાગ્યો. પૂર્ણાહુતિ આપ્યા બાદ માતાજીની આરતી ચાલુ થઈ અને તરત જ હું યજ્ઞના સ્થળે પાછા આવવાની ભાવના સાથે મારા બાબાને ઘેર મૂકવા સ્કુટર પર બેસી રવાના થયો. સોસાયટીની બહાર નીકળતાં સોસાયટીના નાકા પરથી બે કૂતરાઓ ભસતાં ભસતાં મારા સ્કુટર પાછળ પડયા અને છલાંગ મારતાં મારી પર તૂટી પડે તેમ કરવા લાગ્યા. આથી હું ગભરાયો અને સ્કુટરની સ્પીડ વધારી પરંતુ સોસાયટીની બહાર નીકળીને રોડ પર જતા, સ્પીડને લીધે મેં સ્કુટરના સ્ટિયરીંગ પરનો કાબૂ ગુમાવી દીધો. ગભરાટમાં મને કંઈ ભાન ન રહ્યું અને હું સ્કુટર પરથી ઉછળીને રોડ પર પટકાયો.

આ સમય દરમિયાન એ. એમ. ટી. એસ.ની લાલ બસ સેટેલાઈટ તરફ જવા આવી રહી હતી. મારા સ્કુટર પરથી પટકાયા બાદ સ્કુટરમાં સાઈડકારમાં મારો નાનો બાબો જ રહ્યો. સ્કુટર આ લાલ બસ સાથે આગળના ભાગે અથડાયું, પરંતુ તે ક્ષણે શું થયું તેનું મને કોઈ ભાન ન હતું. સામેથી આવતી બસ પણ સ્પીડમાં હતી. આ બસની સ્પીડ હોવા છતાં સ્કુટરને કંઈ પણ નુકસાન ન થયું, તેમ જ મારો નાનો બાબો હેમખેમ સાઈડકારમાં જ બેઠેલો રહ્યો. મને પણ સામાન્ય ઈજા સિવાય કોઈ મોટી ઈજા ન થઈ.

મારા સ્કુટર પરથી નીચે પટકાયા બાદ સ્કુટરના સ્ટિયરીંગનો કાબૂ કોઈ દૈવી શક્તિએ ધારણ કર્યો હોય તેવો મને ભાસ થયો. મારો બાબો અને હું અકસ્માતમાંથી હેમખેમ પાર ઊતરી ગયા. સ્કુટર પરથી રોડ પર પટકાયો હોવા છતાં મને કોઈ જ ઈજા ન થઈ. કોઈએ મને ફૂલની જેમ ઝીલી લીધો હોય તેમ મારા રોમરોમમાં રણકાર થવા લાગ્યો.

પૂ. ગુરુદેવ અને મા ગાયત્રીની સહાયથી ગોઝારા અકસ્માતથી હું અને મારો બાબો હેમખેમ પાર ઊતરી ગયા. 'શૂળીનો ઘા સોયથી ટળે' તેમ મા ગાયત્રી અને પૂ. ગુરુદેવના સ્મરણથી હું મહાન ઉપાધિમાંથી ઊગરી ગયો. 'રામ રાખે તેને કોણ ચાખે' એ ઉક્તિનો આજે મને પ્રત્યક્ષ અનુભવ થયો.

□



Scanned by CamScanner

# મા મળ્યાની પ્રતીતિ

પોતાના ઈષ્ટની કોઈપણ ઉપાસનામાં જોતરાયા પછી તેના સાતત્ય ને નિરંતરતા અંગેની સભાનતા તો ઉપાસકમાં હોવી જ જોઈએ. ઉપાસના જીવનનો એક ભાગ છે, એક ફરજ છે ને તે અનિવાર્યપણે બજાવવી જરૂરી છે ને બજાવવી જ જોઈએ.

જેમ જીવનમાં તેમ ઉપાસનામાં પણ અનેકવિધ અન્તરાયો-અવરોધો આવતા જ હોય છે, તેને પાર કરીને પણ ઉપાસનાનો ક્રમ, તેનું સાતત્ય જાળવી રાખવાની ઉપાસકની નેમ જરૂરથી તેને કંઈક પ્રાપ્ત કરાવી જ આપે છે.

હું હંમેશ ઉપાસકોને નિષ્કામ ભાવે જ ઉપાસના કરવા કહું છું. માતાજી તરફથી કોઈ અનુભવ થાય કે ન થાય, ઉપાસના અવિરત ચાલુ રાખવા જણાવું છું. તેમ છતાં મનુષ્ય સ્વભાવની સહજતાથી ઉપાસકો કોઈ ને કોઈ અનુભવ થવાની આશા રાખે છે, ઝંખના સેવે છે. પણ પ્રશ્ન એ છે કે ઉપાસનાની સહજપણે જન્મતી આકાંક્ષાથી માતાજી ઉપાસકને અનુભવ કરાવી દે છે ખરાં? કરાવે છે તો શા માટે કરાવે છે? જો કે તેનો જવાબ આપવો મુશ્કેલ છે. માતાજીની લીલા અકળ છે. તેના તરફથી પ્રાપ્ત થતી કૃપાની અનુભૂતિઓની કોઈ ગણતરી કે વિશ્લેષણ ન માંડી શકાય. એવું જે કાંઈ થાય તે આપણા પક્ષે પ્રાપ્તિરૂપ લેખી શકાય. એમાં ઉપાસકની શ્રદ્ધા, ઉત્કટતા, જે તે પરિસ્થિતિજન્ય અકળામણ, ગૂંચવણ, મૂંઝવણની તીવ્રતા કદાચ કારણભૂત લેખી શકાય. એ ગમે તે હોય, પણ ઉપાસકની અનુભવપ્રાપ્તિની સહજ–સ્વાભાવિક આકાંક્ષાથી તેને કોઈ અલૌકિક અનુભવ, તેને અકળાવનારી પરિસ્થિતિ દૂર થાય ને તે કંઈક અસાધારણ રાહત અનુભવે તે ઉપાસક માટે અને આપણા સૌ માટે સાનન્દાશ્ચર્ય જ લેખી શકાય.

માતાજીની લીલા અકળ છે, તેની કૃપા અપરંપાર છે, તેના શરણે જનારને તે કદી નિરાશ કરતી નથી. અંતતોગત્વા ઉપાસકની શ્રદ્ધાને સંવર્ધિત–સમૃદ્ધ કરી આપે છે.

ઉમાબહેનનો પ્રસંગ આ જ હકીકતને પુષ્ટ કરી આપે છે. તેમણે પોતાનો અનુભવ વર્ણવતાં જણાવ્યું હતું કે,

આસો મહિનાની આ વાત છે. નવરાત્ર આવતાં હોવાથી મને અંદરથી થયું કે ગમે તે તકલીફ પડે, પણ અનુષ્ઠાન તો કરવું જ છે. એ મારી ફરજ છે, પણ તે દરમ્યાન મારી બેબીને પગે ગૂમડું થવાથી હોસ્પિટલમાં દાખલ કરવી પડી હતી, તેમ છતાં મેં અનુષ્ઠાન ચાલુ કર્યું.

અનુષ્ઠાનના બે-ત્રણ દિવસ પસાર થઈ ગયા. મને અવારનવાર જે અનુભવો થતા હતા તે ન થવાથી મનને થોડો ખેદ થયો કે આ વખતે માતાજીએ મને કોઈ અનુભવ કરાવ્યો નહિ. પણ મેં મનને વાર્યું કે હું આ વખતનું અનુષ્ઠાન પણ કંઈક અકળામણવાળું તો છે જ ને! તેથી કદાચ અનુભવ નહિ કરાવ્યો હોય.

છઠ્ઠા દિવસે સવારે હું માળા કરવા બેઠી. મારી જે બેબીને ઓપરેશન કરાવ્યું હતું તે બેબી મારી પાસેના પલંગમાં જ સૂતી હતી. માતાજીએ સ્વપ્નમાં તેજપુંજનાં દર્શન કરાવી કહ્યું કે,

'હું આવી છું.'

'તમે કોણ છો?' બેબીએ પૂછ્યું.



Scanned by CamScanner

'તારી મમ્મી જેની પૂજા કરે છે તે હું છું!' માતાજીએ કહ્યું.

'મારી મમ્મી તો ગાયત્રી માતાને માને છે તો તમે એ જ છો?' મારી બેબીએ સામો પ્રશ્ન પૂછ્યો.

'હા' માતાજીએ કહ્યું.

બેબીએ નમ્ર ભાવે કહ્યું: 'આ બધો પ્રકાશ દૂર કરો. સાદાં આભૂષણો–વસ્ત્રોમાં આવો.'

માએ એ પ્રમાણે જ કર્યું. ને પછી પૂછ્યું, 'તને શું છે?'

બેબીએ કહ્યું: 'જુઓ ને મા! આવું બધું તો વરસથી ચાલ્યા કરે છે. મને ખૂબ જ દુઃખ પડે છે.' પણ હું તને ખાતરી આપું છું કે હવે કંઈ નહિ થાય!'

ને મા અંતર્ધાન થઈ ગયાં.

આમ માતાજીએ જાણે અભયવચન આપ્યું. મારા મનની પ્રાર્થના–ભાવના પણ સાંભળી લીધી. ને મને અનુભવ કરાવ્યો. બેબીની બિમારીને લીધે કંઈક અકળામણ ને ઉદ્વેગ સાથે અનુષ્ઠાન કર્યું હોવા છતાં માતાજીએ તેનો સ્વીકાર કર્યો.

મને છેલ્લાં દસ વર્ષોથી ઊંઘની ગોળીઓ લેવાની ટેવ હતી. આથી હું એક દિવસ બેઠા બેઠા વિચાર કરતી હતી કે ઘણાં ઘણાં દુઃખોથી માએ મુક્તિ આપી છે, પણ આ ઊંઘની ગોળીઓ દસ દસ વર્ષોથી લઉં છું તેમાંથી મને મુક્તિ નથી મળી.

મેં માતાજીને પ્રાર્થના કરી કે ઊંઘની ગોળીઓ લેવાની ટેવ તું છોડાવ. આ ટેવ છૂટે તો જ હું મારી ભક્તિ સાચી માનું ને મા મળી છે એવું હું માનું.

માએ વિનંતી સાંભળી હોય તેમ, સૂવાનો સમય થયો ત્યારે હું ગોળી લેવા ગઈ ત્યાં જ મને આંચકો આવ્યો ને કોઈ કહેતું હોય કે, 'તું ગોળી ના લઈશ. તને ઊંઘ આવશે જ.'

માના સંકેતવચન પ્રમાણે હું ગોળી લીધા વિના સૂઈ ગઈ. ખરેખર મને ખૂબ જ ઊંઘ આવી. હું જ્યારે ઊંઘમાંથી ઊઠી ત્યારે મેં અનુભૂતિ કરી કે હું સખત ઊંઘી છું. મને ગાઢ નિદ્રા આવી છે. આ અનુભૂતિથી, આ હકીકતથી મનને ખૂબ શાંતિ ને આનન્દ થયાં ને ત્યારથી આજ દિન સુધી મેં ગોળી લીધી નથી ને ભવિષ્યમાં ફરી લેવી નહિ પડે એવી માતાજીએ મારા પર કૃપા કરી છે. મને થયું કે સાચે જ મા મને મળી છે ને મારી ભક્તિ પણ સાચી જ છે!

આમ મનુષ્ય પોતાના અંદરની જ મલિનતાઓ, કુટેવો, ઉદ્વેગ વગેરેથી મુક્ત થવાનો પોતાના અસ્તિત્વના બને એટલા બળથી, શ્રદ્ધાથી, શરણાગતિથી, નિશ્ચયથી પ્રયાસ કરે તો જીવનમાં પોતાનાં કાર્યોની, ભક્તિની, સચ્ચાઈની પ્રતીતિ સ્વયં જ કરી શકે છે. જરૂર છે પોતાની જ મલિનતાઓ, કુટેવો, વગેરેનો પરિચય મેળવવાની ને એમાંથી મુક્ત થવાના સંકલ્પની, દૃઢ આત્મબળની.

ગમે તેવા વિપરીત સંજોગોમાં પણ ઉપાસનાનું સાતત્ય–નિરંતરતા જળવાય તો ચોક્કસ અલૌકિક, દિવ્ય, આનન્દ ને આશ્ચર્યજનક અનુભવો થઈ શકે છે તે આ પ્રસંગ પરથી સમજી શકાય છે.

વળી પોતાની સમ્પૂર્ણ નિષ્ઠા, શ્રદ્ધા ને શરણાગતિ હોવા છતાં પણ અનુભવ ન થાય ત્યારે અત્રે જેમ ઉમાબહેને અનુભવો ન થવા માટે પોતાની અકળામણને જ કારણભૂત લેખી તેમ પ્રત્યેક ઉપાસક પોતાના જ દોષો, ત્રુટિઓ, ભૂલો શોધવાનો પ્રયાસ કરે ને એ ભૂલો શોધી એને દૂર કરવાનો પ્રયાસ કરે તે જરૂરી છે. ત્યાર બાદ કરાતી ઉપાસના – દૈનિક હોય કે નૈમિત્તિક–ની ફલશ્રુતિ જ અનોખી, અદ્ભુત ને અલૌકિક હોય છે.

□



Scanned by CamScanner



ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner